**પોતાની શારીરિક અક્ષમતાને ગણકાર્યા વગર એક માતાએ દીકરાને સક્ષમ બનાવી જ દીધો.**

**વર્ણી કહે છે કે, “મારે કલેક્ટર બનવું છે”, ત્યારે તેની માતા દયાબેનની આંખમાં ગૌરવ અને આનંદ સ્પષ્ટ દેખાઈ આવે છે.**




પેજ નં. પાંચ ઉપર

PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
# કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુન:સ્થાપનની પ્રવૃતિનું માસિક
૧૫ જુન : ૨૦૨૪, અંક નં. ૧૩૮/૫૦૪

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 June - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24

# કે. એલ. બહેરા-મૂંગા શાળા તસ્વીર સમાચાર



શ્રી બી.જે. મોદી ફાઉન્ડેશન દ્વારા માતબર દાન...



શૃંગાર પ્રોજેક્ટ કાર્યક્રમ...



શૃંગાર પ્રોજેક્ટ કાર્યક્રમ...



સુલેખન અને નિબંધ સ્પર્ધા...



નેશન બિલ્ડર એવોર્ડ સન્માન શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ...




દિવ્યાંગ મતદાન જાગૃતિ રેલી...



અક્ષરવાડી મંદિરની મુલાકાત...



શૈક્ષણિક મુલાકાત-પોસ્ટ ઓફિસ...

# કોશિશથી કામયાબી

આ અંકમાં ...


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર................૦૨
- INDEX....................................૦૩
- CONTENTS AT A GLANCE...........૦૪
- શ્રધ્ધાંજલિ....................................૦૪
- પોતાની શારીરિક અક્ષમતાને ગણકાર્યા વગર એક માતાએ દીકરાને સક્ષમ બનાવી જ દીધો....................૦૫
- ''મન હોય તો માળવે જવાય'' ...................૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા..................૦૬
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ ............૦૭
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ..........................૦૮
- પી.એન.આર. હોસ્પિટલ .........................૦૯
- પ્રવીણચંદ્રદલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર........૧૦
- અંબા સી. પી. હોસ્ટેલ............................૧૦
- દિવ્યાંગ ક્રિકેટર.................................૧૦
- શ્રી બી.જે.મો.ફા.મું.તરફથી રૂા.૪૦ લાખનું દાન...૧૧
- મધર્સ ટ્રેનિંગના પ્રમાણપત્ર વિતરણ.................૧૨
- કેસ સ્ટડી - પાયલ દૂધરેજીયા .....................૧૨
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા. વિ.)......૧૩
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)........૧૩
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા મહેતા છા........૧૭
- શ્રી ચંદાબેન મોહનભાઈ પટેલ છાત્રાલય............૧૭
- શ્રીમતી પી.આર. વાધર સાધન-સહાય વર્કશોપ......૧૮
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ ...........૧૮
- શેઠશ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલ................૧૯
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા..............૨૦
- ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા ભાનુવાડી સેન્ટર......૨૧
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ..........................૨૧
- પ્રેરણાદાયી દિવ્યાંગો ............................૨૧
- દિવ્યાંગ મતદાતાઓ કેટલાં છે ?...................૨૧
- ડોનેશન લિસ્ટ...................................૨૨
- PNR તસ્વીર સમાચાર..........................૨૩


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ફાયર સેફ્ટી અને આપણી સંસ્થાઓ

તાજેતરમાં ગુજરાતમાં, ખાસ કરીને વિશેષ રાજકોટ ગેમ ઝોનમાં થયેલા અગ્નિ કાંડે ૩૦ ઉપરાંત બાળકો-વ્યકિતઓના થયેલા મૃત્યુએ બધાને હચમચાવી દીધા છે. સરકાર અને નગરપાલિકાઓ ફાયર સેફ્ટીના મુદ્દે હોસ્પિટલો, વ્યાપારી ભવનો, હોટલો, શાળાઓ વિગેરેનું સખત ચેકિંગ કરી સીલ મારી રહ્યાં છે. લોકોને ઘણી અગવડતાઓ પડે છે, પરંતુ માનવ જીવન કિંમતી છે અને તેના રક્ષણ માટે આ બધુ કરવું જરૂરી છે.

હવે આપણી સંસ્થાઓ તો દિવ્યાંગોની છે, જેમાં બાળકોની વિવિધ દિવ્યાંગતાઓના હિસાબે, આગના જોખમ સામે મોટા ભાગે તેઓ નિઃસહાય બની જતા હોય છે, પરંતુ આપણી સંસ્થાઓ માટે સૌથી સારી વાત છે કે તમામ સંસ્થાઓમાં ફાયર સિસ્ટમ માટેના જરૂરી સાધનો, જમીન અને છત પર પાણીના ટાંકાઓ અને દર વર્ષે ફાયર સેફ્ટીના સાધનોનું નિદર્શન અને આગ ઓલવવા માટેના તમામ દિવ્યાંગ બાળકોની હાજરીમાં, સ્ટાફને ટ્રેનિંગ પણ આપવામાં આવે છે. દરેક સંસ્થામાં આવવા-જવા માટેના જુદી-જુદી જગ્યાએ દરવાજાઓ પણ રાખેલ છે અને ખાસ તો મહાનગરપાલિકા દ્વારા તમામ ચેકીંગ કરીને ફાયર સેફ્ટી અંગેનું સર્ટિફીકેટ પણ મેળવેલ છે.

અગ્નિકાંડની દુર્ઘટનાઓનો પદાર્થ પાઠ લઈ, આપણે સૌ સતર્ક રહેશું તો ચોક્કસ આવી દુર્ઘટનાઓ ટાળી શકીશું.

✍ **કિરીટ રાઠોડ**

**When one door closes another door opens; but we so often look so long and so regretfully upon the closed door, that we do not see the ones which open for us.**

✍ **Alexander G. Bell**


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૩૮/૫૦૪**
  **૧૫ જૂન - ૨૦૨૪**
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **વંશિકા ફોમ્સ, ભાવનગર**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**

- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **વંશિકા ફોર્મ્સ, ભાવનગર**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE

K. D. PADIA



## ◈ Nataraj C. P. School Round

Yearly Guardians' Meeting was organized. The parents / guardians were explained the Niramaya Health Policy, designed for health of children/adult having disability, bears expenses of the order of Rs. 1 lakh. The school also organized two trainings one each of Braille Script and Sign Language for taking care of multiple disabled children. Summer camp, voting right awareness were other programmes for its wards.

## ◈ KLID Makes Difference

Rs. 40 Lakh donation from Mumbai-based Shri B. J. Modi Foundation to the K. L. Institute for the Deaf squarely speaks to praise – worthy work being done by the Institute. Certificate distribution among trainees of Mothers' Training, Farewell to Std. VIIIth students, tour of wards to Octent Restaurant, Screening of Movie – '12 Fail' for wards of Secondary and Higher Secondary, Sports Festival, Educational visit to Bank, Post Office and Competitions of Cursive Writing and Essay, Visit to Temple, Voting Awareness programmes and bagging National Builder Award by its Senior Special Educator were highlights of the Institute.

## ◈ Other Activities

Summer Camp for Std. I to IXth wards, bagging Distinction from London Trinity Group by its ward, shining results of Std. 10th and Std. XIIth, Run for Vote Programme of K. N. Shah High Tech Inclusive School; Guest Item, Celebration of Autism Day, Annual Evaluation of Children, Summer Camp, Vocational Project, Local Committee Meeting, etc. of Disha-cum-Vikas project of National Trust; Medical Services of PNR Special Hospital and Lodhawala Hospital; Activities of two hostelmates; Plastic Surgery and activities of Deafness Blindness project of Shri Pravinchandra Dalal Disability Center; Annual Guardians' Meeting, Internal Examination of Teachers' Training College of Ankur School for Mentally Retarded Children; Obituaries, Success Stories and important news form part of this issue.

## શ્રધ્ધાંજલિ



ઉર્મિલાબેન વેદ

દાયકાઓથી આપણી સંસ્થા સાથે સંકળાયેલા સુપ્રસિધ્ધ સાક્ષર અને સંસ્થાના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ ડૉ. નરેશભાઈ વેદના ધર્મપત્નિ **શ્રીમતી ઉર્મિલાબેન** જેઓ ધર્મપ્રેમી, સેવાભાવી અને અનેક પ્રસંગોની ઉજવણીમાં સંસ્થાના ભાગીદાર બનતા હતા. તેઓશ્રીના દેહ વિલયથી સંસ્થાના સૌ કોઈએ શોકની લાગણી અનુભવી છે. પરમકૃપાળુ પરમાત્મા સદગતના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.



ફૈઝૂલ્લાભાઈ

ભાઈશ્રી ફૈઝૂલ્લાભાઈના અવસાનના સમાચાર મળતા પી.એન.આર. સોસાયટી સભ્યોમાં આંચકો લાગેલ છે. ભાઈશ્રી ફૈઝૂલ્લા ભાવનગર નવજવાન સંઘ કે જે ડિસેબલ્ડો માટે જે સુવિધા ઉભી કરાય છે, તે માતૃ સંસ્થા હોય, તેમાં સ્થાપના વર્ષો દરમ્યાન જોડાયેલ રહ્યાં હતા.

તેઓ ગીત-સંગીત, નાટક તથા સામાજિક સેવા કાર્યોમાં ખૂબ જ રસ ધરાવતા હતા. અમે જયારે લંડનની મુલાકાતે ગયેલ ત્યારે ભાઈશ્રી ફૈઝૂલ્લાએ પોતાની કારમાં, અમારે જયાં જયાં જવું હતું ત્યાં લઈ ગયેલ અને તેમના પત્ની શ્રીમતી ઝુબેદાબેને અમારા માટે જુદી-જુદી વાનગીઓ બનાવીને અમારો ખૂબજ સત્કાર કરેલ, જે કદી ભૂલાય તેમ નથી. ખરા અર્થમાં લંડનમાં જે અમારું ધ્યેય હતું, તે પાર પાડવાનો પૂરો યશ, ભાઈશ્રી ફૈઝૂલ્લાભાઈ અને શ્રીમતી ઝૂબેદાબેનને જાય છે.

આમ, પી.એન.આર. સોસાયટીના મેનેજમેન્ટને એક સારા મિત્ર અને સહાયકની ખોટ પડી છે.

ભાઈશ્રી ફૈઝૂલ્લાના આત્માને ઈશ્વર શાંતિ અર્પે, તેવી પ્રાર્થના.

**-બાબાભાઈ**

# પોતાની શારીરિક અક્ષમતાને ગણકાર્યા વગર એક માતાએ દીકરાને સક્ષમ બનાવી જ દીધો.

**વર્ણી કહે છે કે, "મારે કલેક્ટર બનવું છે", ત્યારે તેની માતા દયાબેનની આંખમાં ગૌરવ અને આનંદ સ્પષ્ટ દેખાઈ આવે છે.**

'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...' આ માત્ર પંક્તિ કે પછી માતૃ ભક્તિ માટે કરાયેલું લખાણ માત્ર જ નથી. પ્રત્યેક માતા પોતાના બાળક માટે બધુંજ કરી છૂટતી હોય છે અને તેનો પ્રેમ અજોડ જ હોય છે. માતૃઋણ કયારેય ચૂકવી ન શકાય. આ એક એવી માતાની વાત છે કે જે પોતે દિવ્યાંગ હોવા છતાં, પોતાના દિવ્યાંગ બાળકને એ સ્તરે પહોંચાડયું કે તે જિંદગીના પડકારો ઝિલીને સિધ્ધિ મેળવવા તત્પર છે.

દયાબેન મનોજ કરકર, હાથ અને પગમાં ૭૫% અસ્થિ વિષયક દિવ્યાંગતા એટલે કે હાથ-પગ યોગ્ય રીતે કામ ન કરે - વળેલા રહે. નાના ચરખા ગામના વતની અને અમરેલીના મોટા આકડિયા ગામે સાસરુ. લગ્ન થતાં પતિની નોકરી ભાવનગર હોય, ૧૨ વર્ષથી ભાવનગર આવીને વસવાટ કર્યો. લગ્ન જીવન દરમિયાન સંતાનમાં દીકરાનો જન્મ થયો. દીકરા વર્ણીને પણ ૬૫% અસ્થિ વિષયક દિવ્યાંગતા જાહેર થઈ. એમ.એ. વીથ ગુજરાતી સુધી અભ્યાસ કરી ચૂકેલી આ શિક્ષિત માતા, પોતાના અને પોતાના પરિવાર પ્રત્યે સતત સભાન એટલે હિંમતવાન. વર્ણીને થેરાપી આપી, સારો કરવાનો નિશ્ચય કરી લીધો. પરિવારમાં આર્થિક મદદરૂપ થવું અને દીકરાને સારવાર પણ અપાવવી, આ બંને દયાબેને સ્વીકારી લીધું.

છ મહિનાના વર્ણીને તેડીને PNR - નટરાજ સી.પી. સ્કૂલના થેરાપી સેન્ટરમાં લાવવો, તે સ્વયં દિવ્યાંગ માતા માટે કેટલું કપરું હશે, તે કલ્પના કરવી પણ મુશ્કેલ છે. રિક્ષા છેક સુધી ન આવે એટલે દોઢ કિલોમીટર પોતાના સંતાનને બે હાથમાં તેડી, પીઠ પાછળ કીટ ટીંગાડી, માતા પોતાના સંતાન માટે નિકળી પડે. સેન્ટર પર દીકરાની થેરાપી ચાલે, ત્યાં સુધી તેની સાથે રહે અને પછી દીકરાને સાથે લઈ PNR સોસાયટી દ્વારા આ જ સંકુલમાં ચાલતા જયોતિબેન દલાલ ડિસેબલ્ડ વુમન એમપાવરમેન્ટ પ્રોગ્રામમાં સીવણ અને બ્યુટી પાર્લરના કલાસમાં જાય.

દયાબેનના સંઘર્ષ અને વર્ણીની પ્રગતિના સાક્ષી સી.પી. સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી કહે છે કે, ''દયાબેન વર્ણીને લઈને અહીં આવે ત્યારે, તેનામાં એક હિંમતવાન, દ્રઢનિશ્ચયવાળી સ્ત્રીના દર્શન થતા. લાગતું કે આનું નામ દયા નહીં દુર્ગા હોવું જોઈએ.''

સિવણ અને બ્યુટી પાર્લરની તાલીમ મેળવી દયાબેન પગભર થયા. આજે તેઓ પોતાના ઘરે સીવણ કામ કરે છે. આ તો એક સ્ત્રી તરીકેની સિધ્ધિ થઈ અને સાથે માતા તરીકે દયાબેને પોતાના દીકરા વર્ણીને સારવાર કરાવી સાથે ભણવામાં અવ્વલ બનાવ્યો. જ્ઞાનગુરુ સ્કૂલમાં ધોરણ પાંચ સુધી વર્ણીએ અભ્યાસ કર્યો અને સતત ૮૫ થી ૯૦% માર્ક મેળવ્યાં. વકતૃત્વ કલામાં પણ અગ્રેસર, તો રમત-ગમતમાં પણ સહેજે પાછો ન પડે. ૬૫% દિવ્યાંગતા છતાં વર્ણી પણ હાર માનનારો નથી. કહી શકાય કે માતાના ગુણ તેને મળ્યા છે.

હાલ વર્ણી, નવોદય સ્કૂલ-ત્રાપજ ખાતે સીબીએસસી અંગ્રેજી માધ્યમમાં ધોરણ આઠમાં અભ્યાસ કરે છે. યુપીએસસી પાસ કરી, કલેકટર બનવાનો નિશ્ચય વર્ણીનો છે અને ત્યાં સુધી કઈ રીતે પહોંચવું ? કેટલી મહેનત કરવી ? તેનો પૂરો નકશો પણ તેની પાસે મોજૂદ છે. તે જયારે એમ કહે છે કે, ''મારે કલેકટર બનવું છે.'' ત્યારે તેની આંખોમાંનો વિશ્વાસ અને માતા દયાબેનની આંખોમાંનો આનંદ કહી જાય છે કે એક માતા જે કરી શકે તે વિશ્વમાં કોઈ અન્ય ન કરી શકે.

## ''મન હોય તો માળવે જવાય''
## ''પંગુ લંઘયતે ગિરિમ્''

રાજસ્થાનમાં એક વખત પશુઓને ચરાવતો, આજના ૫૮ વર્ષના દેવકીનંદન શર્માએ, તેની માત્ર ૧૮ વર્ષની ઉંમરે બંને હાથ ગુમાવ્યા હતા, પણ એ ક્ષતિને ન ગણકારતા તેણે અથાક પરિશ્રમ કર્યો અને આજે તે તેના બંને પગના આંગળા-અંગૂઠાની મદદ વડે અદ્દભૂતકળા કરી રહ્યાં છે. એક લાકડાના બોર્ડ ઉપર કાગળ ગોઠવીને પરંપરાગત કાર્યો કરવા ઉપરાંત, સહજતાથી કમ્પ્યુટર ચલાવે છે , જેમાં માઉસ અને કી-બોર્ડનો ઉપયોગ કરવાનો હોય છે. ગણિત અને અંગ્રેજી ભાષામાં અદ્દભૂત પ્રભુત્વ ધરાવતા દેવકીનંદન અનેક યાતનાઓમાંથી પસાર થયા હોવા છતા, આત્મબળથી કામ કરતા રહ્યાં અને શારીરિક વિકલાંગતા આવી ગઈ હોવા છતાં આજે એક એન.જી.ઓ. માં પોતે કામ કરી રહયાં છે અને અન્ય લોકોને પ્રેરણા આપી રહયાં છે. **(સૌ. : ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) સંવાહક : પીયૂષ પારાશર્ય**



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

**વાર્ષિક વાલી મિટીંગ :**




તા. ૩૦ એપ્રિલ ૨૦૨૪ નાં રોજ વાર્ષિક વાલી મિટીંગનું અયોજન નટરાજ ઓડિટોરીયમ ખાતે યોજવામાં આવેલ. જેમાં પરિણામ પત્રકની વહેંચણી, અસાઈમેન્ટની વહેંચણી ઉપરાંત, શ્રી હિતેશભાઈ ઓઝા દ્વારા પી.પી.ટી.ના માધ્યમથી **નિરામયા હેલ્થ પોલીસી** વિશે વિસ્તારથી માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમજ પી.એન.આર. સોસાયટીમાં ચાલતાં કુદરતી ઉપચાર કેન્દ્ર દ્વારા આગામી વેકેશનમાં થનાર શિબિરની વિસ્તૃત માહિતી શ્રી પ્રથાબેને આપેલ. ત્યાર બાદ ધો-૮નાં વિદ્યાર્થી કૃણાલ આહિર દ્વારા પોતાના શાળામાં થતા અનુભવો વિશે પ્રતિભાવ આપ્યો. ધો-૮ના વર્ગ શિક્ષક શ્રી વરૂણભાઈ વ્યાસે પોતાના વર્ગના બાળકોનો પ્રતિભાવ આપ્યો. ત્યારબાદ શાળાના મદદનિશ શિક્ષક શ્રી જયોતિબેન પરમાર દ્વારા શાળામાં થતી વર્ષ દરમ્યાનની પ્રવૃત્તિઓનો ટૂંકો અહેવાલ આપેલ. દિશા કમ વિકાસ પ્રોજેકટનો ટૂંકો અહેવાલ શ્રી બીનાબેન જાની તથા કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલનો અહેવાલ શ્રી રૂપલબેન પારેખે આપ્યો. સંસ્થાનાં ઓકયુપેશનલ થેરાપિસ્ટ ડૉ. પ્રવિણ દેશમુખ સાહેબે વાલીઓને ઓકયુપેશનલ થેરાપીનું મહત્વ સમજાવતી જરૂરી એવી માહિતી પૂરી પાડી. શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીએ વેકેશન અને નવા શાળા સત્રની માહિતી આપેલ. વાલી મિટીંગની આભાર વિધી શ્રી ખેવનાબેન ઓઝા દ્વારા તથા સંચાલન શ્રી વિભૂતીબેન વ્યાસ દ્વારા કરવામાં આવેલ.




**બ્રેઈલ લિપી તાલીમ :**

તા. ૨ મે ૨૦૨૪ નાં રોજ સી.પી. સ્કૂલના શિક્ષકો માટે આગામી સમયને ધ્યાનમાં લઈને અને ફિલ્ડમાં મલ્ટીપલ દિવ્યાંગતા ધરાવતા બાળકો સાથે કામ કરી શકે એ હેતુથી આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા **બ્રેઈલ લિપી તાલીમ**નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી ધર્મિનભાઈ સંઘવી, સુરેન્દ્રનગર દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

**એબિલિટી ઓરિએન્ટેશન અને સાઈન લેંગ્વેજ તાલીમ :**

તા. ૪ મે ૨૦૨૪ નાં રોજ શાળાના શિક્ષકો માટે **એબિલિટી ઓરિએન્ટેશનની તાલીમ**, સ્પેશ્યલ એજ્યુકેટર શ્રી સંકેતભાઈ ધાંધલિયા દ્વારા આપવામાં આવી હતી. જેમાં સ્ટીક અને બ્લાઈન્ડ ફોડના ઉપયોગથી નટરાજ કેમ્પસમાં લાઈવ ડેમો અને પ્રેકિટકલ વર્ક દ્વારા સમજુતી આપવામાં આવી હતી. સાથે ડૉ. કવિતાબેન શાહ દ્વારા શ્રવણમંદ બાળકો માટે અત્યંત જરૂરી એવી સાઈન લેંગ્વેજની તાલીમ આપવામાં આવેલ. જેમાં તેમણે પ્રાથમિક સમજૂતી બાદ, રોજીંદા વપરાશના શબ્દોને કઈ રીતે સાઈન દ્વારા રજૂ કરી શકાય ? એ વિવિધ ઉદાહરણ દ્વારા શિખવ્યું હતું.

**મતદાન જાગૃતિ અભિયાન :**

તા. ૨૭ એપ્રિલ ૨૦૨૪ નાં રોજ આગામી **લોકસભા ચુંટણી-૨૦૨૪** અંતર્ગત લોકોમાં મતદાન પ્રત્યે જાગૃતિ આવે તે માટે શાળા દ્વારા વિવિધ લોક જાગૃતિનાં કાર્યક્રમો યોજવામાં આવેલ. જેમાં મદદનીશ શિક્ષકો દ્વારા મતદાન જાગૃતિને ઉજાગર કરતી


વિવિધ રંગોળી દોરવામાં આવી. નટરાજ સી.પી. સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, ઓટિઝમ સ્કૂલ, ટી.ટી.સી.(એમ.ડી.)ના તાલીમાર્થીઓ, સ્ટાફ, વાલીઓ દ્વારા સ્કૂલ કેમ્પસ બહારના મેઈન રોડ પર, મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સ્લોગન, સુત્રોચ્ચાર ગાન અને માનવ સાંકળ બનાવીને રાહદારીઓને મતદાન કરવા અપીલ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ શ્રી જીજ્ઞાબેન સોલંકીનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

**સમર કેમ્પ :**

તા. ૨૦ એપ્રિલ ૨૦૨૪ થી તા. ૩૦ એપ્રિલ ૨૦૨૪ દરમ્યાન **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું. જેનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકોમાં રહેલી સુક્ષુપ્ત શક્તિઓને જગાડવાનો અને સર્વાંગી વિકાસ તરફ આગળ વધારવાનો, તેના અંતર્ગત વિવિધ ક્રિએટીવ એકટિવિટીનું આયોજન આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું. બાળ ફિલ્મ, સિક્કી આર્ટ, લીંપણ આર્ટ, ઉદ્યોગ, કેન્વાસ પેઈન્ટિંગ, ટેબલ ટેનીસ, નારગેલિયો, સ્કેટિંગ, મ્યુઝિક, ડાન્સ, વાદન, પપેટ શો વગેરે અને ખાસ ફાયર લેસ કૂકીંગ પ્રવૃત્તિમાં દરેક વર્ગનાં બાળકો, શિક્ષક ભાઈઓ-બહેનો અને વાલીઓ દ્વારા વિવિધ પ્રકારની ચટપટી, તીખી-મીઠી વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. જેનું નિદર્શન માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડે કરી અને ભાગ લેનાર સૌની કામગીરીને બીરદાવી હતી.



# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**સમર કેમ્પ :**



સ્કૂલમાં તા. ૨૨-૪ થી ૨૭-૪ સુધી **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના બાલમંદિર તેમજ ધો. ૧ થી ૯ સુધીના બાળકો અને અન્ય શાળાના બાળકોએ મોટી સંખ્યામાં ભાગ લઈને સમર કેમ્પની મજા માણી હતી. પહેલા દિવસે નાના-નાના ભૂલકાઓને ટ્રેનગાડીની સવારી કરાવવામાં આવી હતી, તેમજ તા. ૨૬-૪ ના રોજ દરેક બાળકોને ઘોડાગાડીની સવારી કરાવવામાં આવેલ. સમર કેમ્પ દરમિયાન બાળકોને લચકાભેળ, આઈસ્ક્રિમ કોન, સમોસા, ફ્રુટ ડિશ, ગુંદી ગાંઠિયા, તરબૂચ ડિશ જેવો પોષ્ટિક નાસ્તો, તેમજ લોટ ફૂંક, લીંબુ ચમચી, વેસ્ટમાંથી બેસ્ટ, સંગીત ખુરશી, કોથળા દોડ, ચાંદલા ચીટક, સ્લો સાઈકલિંગ, ચોકલેટ પકડ, પપેટ શો, ખો-ખો, તેમજ ક્રિકેટ જેવી વિવિધ રમતો અને સ્પર્ધાઓ પણ કરાવવામાં આવી હતી. બાળકોએ ખૂબ જ ઉત્સાહભેર આ તમામ પ્રકારની પ્રવૃત્તિમાં ભાગ લીધો હતો. સમર કેમ્પના છેલ્લા દિવસે દરેક બાળકોને મૂવી બતાવેલ, ઈનામ વિતરણ કરેલ અને ત્યારબાદ નાસ્તો કરાવી, સમર કેમ્પ પૂર્ણ કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, તેમજ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ કર્યું હતું.

**લંડન ટ્રિનિટી ગ્રુપ ઓફ મ્યુઝિક કોલેજ દ્વારા DISTINCTION :**



સ્કૂલમાં અભ્યાસ કરતા ધો. ૬ ના વિદ્યાર્થી છાંટબાર વત્સલ યતીનભાઈ, જેમને ટ્રિનિટી ગ્રુપ ઓફ લંડન મ્યુઝિક કોલેજની DRUMS પરીક્ષામાં સુંદર દેખાવ કરી પોતાનું કૌશલ્ય બતાવી DISTINCTION પ્રાપ્ત કરેલ. તેમજ ધો. ૧૨ ના વિદ્યાર્થી હિરાણી જય પ્રકાશભાઈએ પણ ટ્રિનિટી ગ્રુપ ઓફ લંડન મ્યુઝિક કોલેજની ઈલે.કી બોર્ડ પરીક્ષામાં DISTINCTION પ્રાપ્ત કરેલ છે. આ સિધ્ધિ બદલ, સંસ્થા તેમજ શાળાના આચાર્યશ્રી

હિતેનકુમાર પંડયાએ અભિનંદન પાઠવ્યાં હતાં.

**'રન ફોર વોટ' ના કાર્યક્રમ :**

**લોકસભા સામાન્ય ચૂંટણી વર્ષ-૨૦૨૪** અન્વયે, સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમો થકી ઈન્ટેન્સીવ કેમ્પેઈનના ભાગરૂપે તા. ૫-૫ ના રોજ **રન ફોર વોટ કેમ્પેઈન**નું આયોજન કરવામાં આવ્યું હતું. રન ફોર વોટ કાર્યક્રમમાં આપણી શાળાના તમામ શિક્ષકો ગુલિસ્તા મેદાન પર ઉપસ્થિત રહી, તેમાં સહભાગી બન્યાં હતાં. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રી, BRC,CRC, આચાર્યશ્રીઓ, સ્કાઉન્ટ ગાઈડ અને NCC ના વિદ્યાર્થીઓ તેમજ રમતવીરો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. માનનીય કલેકટરશ્રીએ યુવાનો મતદાન કરવા માટે પ્રેરાય તે માટે અનુરોધ કરી યુવાનોમાં જુસ્સો વધાર્યો હતો. ત્યારબાદ લીલી જંડી બતાવી, રન ફોર વોટ માટે જે રુટ નક્કી કરવામાં આવ્યો હતો, તે મતદાન જાગૃતિના નારા સાથે શરૂ કરવામાં આવ્યો હતો.

**માર્ચ-૨૦૨૪ ધો. ૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦% પરિણામ :**



ખુશીબા — લલીત — સુહાની

સ્કૂલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ-૨૦૨૪ ધો. ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ તા. ૯-૫ ના રોજ જાહેર થયેલ. તેમાં કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું પરિણામ ૧૦૦% આવ્યું હતું. આ પરીક્ષામાં હાઈટેક સ્કૂલના તમામ વિદ્યાર્થીઓ પાસ થયાં હતાં. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીની મકવાણા સુહાની અજયભાઈની ૭૫.૪૬ PR, દ્વિતીય ક્રમાંક મોયલ લલીત નટુભાઈને ૪૫.૪૦ PR, અને તૃતિય ક્રમાંક સરવૈયા ખુશીબા વિજયસિંહને ૪૧.૦૯ PR સાથે ઉતીર્ણ થઈ શાળાનું ગૌરવ વધારેલ. આ કાર્ય સિધ્ધિ માટે શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયાએ આ વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવેલ.

**માર્ચ-૨૦૨૪ ધો. ૧૦નું ઝળહળતું પરિણામ :**



દિશા — જયવિન — કર્મરાજ — શક્તિસિંહ


સ્કૂલમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ માર્ચ-૨૦૨૪ ધો. ૧૦નું પરિણામ તા. ૧૧-૫ ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. તેમાં કે.એન.શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું પરિણામ ૯૧% આવ્યું અને આ પરિક્ષામાં કુલ ૧૧ બાળકોમાંથી ૧૦ પાસ થયા. તેમજ દિવ્યાંગ બાળકોનું ૧૦૦% પરિણામ આવ્યું હતું. શાળા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી માંધલ જયવિન મનહરભાઈને ૭૭.૫૮ PR, દ્વિતીય ક્રમાંક ગોહિલ શક્તિસિંહ મનુભાને ૬૮.૦૨ PR, તેમજ તૃતિય ક્રમાંક રાણા કર્મરાજ ચિરાગભાઈ અને જાની દિશા શરદભાઈને ૬૩.૪૭ PR સાથે ઉતીર્ણ થઈ શાળાનું ગૌરવ વધારેલ. જાની દિશાએ દિવ્યાંગ વિદ્યાર્થીની હોવા છતા તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે. આ કાર્ય સિધ્ધિ માટે શાળાનો પરિવાર આ બંને વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે, તેમજ દરેક વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપીને પોતાના આશીર્વાદ આપ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



**ગેસ્ટ કૃતિ :**

તા. ૩૧ માર્ચ ૨૪ના રોજ નટરાજ સી.પી. સ્કૂલના બાળકોની એક **ગેસ્ટ કૃતિ**, સ્મોલ વન્ડર સ્કૂલના એન્યુઅલ ડેમાં રજૂ કરવામાં આવી હતી. જે ગેસ્ટ કૃતિ લઈને સંસ્થા વતી, દિશા કમ વિકાસ પ્રોજેકટના સ્પેશ્યલ ટીચર શ્રી બીનાબેન જાની અને દિપ્તીબેન રાજયગુરૂ મેઘાણી ઓડિટોરીયમ ખાતે બાળકોને લઈને ગયા હતા.

**ઓટિઝમ ડે ની ઉજવણી :**

તા. ૨ એપ્રિલ ૨૪ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ સંલગ્ન પ્રોજેકટ દ્વારા **ઓટિઝમ ડેની ઉજવણી** કરવામાં આવી હતી. જે અંતર્ગત વાલી અંતાક્ષરી સ્પર્ધામાં દિશા કમ વિકાસના વાલીઓની ટીમ વિજેતા બની હતી.

**વાર્ષિક મુલ્યાંકન :**

તા. ૧૫ થી ૧૯ એપ્રિલ ૨૪ દરમ્યાન વિદ્યાર્થીઓમાં

વર્ષ દરમ્યાન થયેલ પ્રગતીની તપાસ રૂપે **વાર્ષિક મુલ્યાંકન** કસોટીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને લેખિત પરીક્ષા, ઉપરાંત સ્માર્ટ બોર્ડમાં જે-તે વિષય અંગે પઝલ્સ સ્વરૂપે પણ પરીક્ષા આપી હતી.

**સમર કેમ્પ :**

તા. ૨૦ થી ૩૦ એપ્રિલ ૨૪ દરમ્યાન નટરાજ સી.પી. સ્કૂલ સંલગ્ન પ્રોજેકટના બાળકોની માટે **સમર કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ કે બાળ ફિલ્મ, ઉદ્યોગમાં- જયુટ આર્ટ,સિકિ આર્ટ, લિંપણ આર્ટ. રમત-ગમતમાં- ટેબલ ટેનીસ, નારગેલિયો, સ્કેટિંગ, બેડમિન્ટન, ચેસ,ખો-ખો, સંગીત ખુરશી. થેરાપીમાં- હાઈડ્રોથેરાપી, સેંસરી થેરાપી, હેન્ડ એક્ટિવિટી. મ્યુઝિકમાં- ગાયન, વાદન, અને નૃત્ય. યોગામાં- યોગા એન્ડ મેડીટેશન, એક મિનીટ રમત, માટી કામ વગેરે કરાવવામાં આવ્યું હતું.

**વોકેશનલ એક્ટિવિટી :**

આ પ્રોજેકટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત નવેમ્બર માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં **હોળી ધૂળેટી કીટ તૈયાર કરવી, ગુલાલ વજન કરી પેકિંગ કરતા, પાવભાજી મસાલા પેકિંગ કરતા** બાળકોને શીખવવામાં આવ્યું હતું.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**

તા. ૨૨/૪ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેકટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. વાર્ષિક મુલ્યાંકનનું પરિણામ તા. ૩૦/૪ના રોજ આપવા બાબત, વાલી તાલીમ શિબિરમાં ભાગ લેવા બાબત, તા. ૨૦/૪ થી ૨૭/૪ દરમ્યાન કેમ્પમાં ભાગ લેવા બાબત.



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**એપ્રિલ - ૨૪ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૭૧ | ૧૮ - - |
| આંખ | ૧૦૫૭ | - - ૩૫૩ |
| આંખની છારી | ૩૪ | - - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૨૬૫ | ૧૧૦ - ૦૧ |
| ઓર્થોસ્કોપી | ૨૮ | ૦૧ - - |
| ઓર્થોડેન્ટલ | ૬૨ | ૧૪૮ - - |
| જનરલ ઓપીડી | ૪૮૭ | - - - |
| એક્ષ-રે | ૧૦૩ | - |
| લેબોરેટરી | ૩૧૭ | ૧૦૫૭ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૮ | - |
| આંખના પડદા | ૨૮ | - |
| પેઈન મેનેજમેન્ટ વિભાગ | ૧૫ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૩૩ | - |

**પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર**

| | | |
|---|---|---|
| પ્લાસ્ટિક સર્જરી | ૨૦ | ૦૬ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૧૧ | ૦૮ |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૫ | ૦૭ |

આ માસ દરમિયાન કુલ **૩૫૩૦** દર્દીઓએ લાભ લીધો હતો.

- સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૧૧૯** લાભાર્થીઓએ **રૂા. ૨૧,૫૨૫/-** ની સહાય મેળવેલ છે.
- મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૦૭** લાભાર્થીઓએ **રૂા. ૧૧૫૦/-** ની સહાય મેળવેલ છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર

જીજ્ઞેશ પારેખ




**૧. પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :**

તા. ૧ થી ૬ એપ્રિલ `૨૪ ના રોજ કોન્જીનીટલ ડિફોરમિટી પ્રોજેક્ટ અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન, દાતાશ્રી **ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-યુ.કે.** ના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૨૦** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૨** કપાયેલાં હોઠ, **૧** તાળવામાં કાણું અને **૩** હાઈપોસ્પેડિયા એમ કુલ **૬** ઓપરેશન કર્યા હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા અને ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલના નર્સિંગ સ્ટાફની જહેમતથી સફતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**૨. યુપા ફ્રેશ પ્રા. લિ.-મુંબઈ ડેફનેસ બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :**

વર્ષ ૨૦૨૩-૨૪ માં યુપા ફ્રેશ પ્રાઈવેટ લિમિટેડ-મુંબઈના આર્થિક સહયોગથી શરૂ કર્યો છે. આ પ્રોજેક્ટમાં વર્ષ દરમિયાન એક લાખ બાળકોના આંખ અને કાનની પ્રાથમિક તપાસ કરી રિફ્રેક્ટિવ એરરવાળા બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ તેમજ ત્રાંસી આંખ, ઢળેલી પાપણ, બાળ મોતિયો તેમજ કાનમાં ઈયર ડિસચાર્જ બાળકોને ડૉક્ટર દ્વારા નિદાન કરી તેની સારવાર (સર્જરી) વિનામૂલ્યે કરી આપવામાં આવશે.


એપ્રિલ `૨૪ દરમિયાન શિહોર તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓમાં **૧૦૨૮૮** બાળકોનું પ્રાઈમરી સ્ક્રિનિંગ કરવામાં આવ્યું, તેમાંથી આંખની વિવિધ તકલીફવાળા **૭૩૮** બાળકો મળ્યાં અને કાનની વિવિધ તકલીફવાળા **૩૯૨** બાળકો જોવા મળ્યાં હતાં. બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અન્વયે **૫૪૪** બાળકોને ચશ્મા વિતરણ કરવામાં આવ્યું હતું.



# અંબા સી.પી. હોસ્ટેલ

## માર્ચ-એપ્રિલ - ૨૦૨૪

લાલજી પંડ્યા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

### ભોજન / મિષ્ટાન

- તા. ૨૧-૪ ના રોજ શ્રી આશિષભાઈ તરફથી...
- તા. ૨૨-૪ ના રોજ સ્વ. પુષ્પાબેન સવાઈલાલ મહેતા તરફથી...
- તા. ૨૩-૪ ના રોજ શ્રી અજયભાઈ પોટા તરફથી...
- તા. ૨૪-૪ ના રોજ શ્રી મીનાબેન મકવાણા તરફથી...

### નાસ્તો

- તા. ૧૯-૪ ના રોજ શ્રી નિતીનભાઈ તરફથી...
- તા. ૨૦-૪ ના રોજ શ્રી હરીભાઈ પંડયા તરફથી...
- તા. ૨૨-૪ ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ મોજીત્રા તરફથી...
- તા. ૨૩-૪ ના રોજ શ્રી શૈલેષભાઈ ધામેલિયા તરફથી...
- તા. ૨૮-૪ ના રોજ શ્રી પ્રિતીબેન બિમલભાઈ ભટ્ટ તરફથી...
- તા. ૨૬-૪ ના રોજ અશોકભાઈ ભાલાળા તરફથી...

## દિવ્યાંગ ક્રિકેટર બંને હાથ વગર બેટિંગ અને બોલિંગ પણ કરે છે !

જમ્મુ અને કાશ્મીરની દિવ્યાંગ ટીમનો કેપ્ટન આમિર હુસેન લોન, સોશિયલ મિડીયાને લીધે દેશભરમાંથી પ્રશંસા પામી રહ્યો છે. સચિન તેંડુલકર અને ઉદ્યોગપતિ આનંદ મહેન્દ્રાએ પણ તેને રાષ્ટ્રિય હીરો જેવું માન આપતી પોસ્ટ કરી છે. આમિર લોન કદાચ દુનિયાનો એક માત્ર ક્રિકેટર હશે જે બંને હાથ નહીં હોવા છતાં દિવ્યાંગોની હરિફ ટીમ સાથે બેટિંગ કરી શકે છે. તે ખભા અને ગળા વચ્ચે બેટનું હેન્ડલ ભરાવીને બેટ્સમેન જેવું જ લગભગ સ્ટાન્સ લઈને બેટિંગ કરે છે. તે જમ્મુ કાશ્મીરના અનંતનાગ જિલ્લાનો છે. માત્ર બેટિંગ જ નહીં તે પગના અંગૂઠા અને આંગળી વચ્ચે બોલને મૂકીને બોલિંગ પણ કરી શકે છે. આશ્ચર્ય છે કે તે રન પણ બનાવે છે અને વિકેટ પણ લે છે !

**(સૌ. : ગુજરાત સમાચાર)**

# શ્રી બી. જે. મોદી ફાઉન્ડેશન મુંબઈ તરફથી રૂા. ૪૦/- લાખનું માતબર દાન અપાયું

## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના બાળકોની સાધન સુવિધામાં થયો વધારો.



શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળામાં અભ્યાસરત સમગ્ર ગુજરાતના ૩૩૩ વિદ્યાર્થીઓને વિવિધ સાધન સુવિધાઓની જરૂરિયાતોને ધ્યાને લઈ શ્રી બી. જે. મોદી ફાઉન્ડેશન-મુંબઈ તરફથી વિવિધ પ્રોજેક્ટ્સમાં કુલ રૂા. ૪૦,૦૦,૦૦૦/- (ચાલીસ લાખ) જેવી માતબર રકમનું દાન આપવામાં આવ્યું છે.

તાજેતરમાં સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં આ દાનની ચેકની અને સાધન સુવિધાની અર્પણવિધિનો એક કાર્યક્રમ યોજાય ગયો. સૌ પ્રથમ બધિર બાળકો દ્વારા સમૂહ પ્રાર્થના અને બાદમાં બધિર બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી. કાર્યક્રમનો હેતુ દાતાશ્રી દ્વારા અપાયેલ દાનની ઉપયોગીતા વિગેરે, સમગ્ર દાન માટે દાતાશ્રીને પ્રેરિત કરનાર વેલ્ફેર ઓફિસર શ્રી બિન્દીબેન ડી. ત્રિવેદીએ જણાવી હતી. પધારેલ દાતા-મહેમાનોનું બધિર બાળકો દ્વારા નિર્મિત હેન્ડિક્રાફ્ટ આર્ટિકલથી સ્વાગત અને શાલથી પણ સન્માન કરી, ઋણ સ્વીકારની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી. જેમાં શ્રી બી.જે . મોદી ફાઉન્ડેશન મુંબઈના ટ્રસ્ટી શ્રી મનોજભાઈ શાહ, સોલિસીટર શ્રી ઉદયભાઈ કપાસી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમ દરમ્યાન ભાવનગર અને ભાવનગરના આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા આર્થિક નબળા કુટુંબના બધિર બાળકોને શાળા સુધી પહોંચાડવા વાહન ખર્ચ માટેની સહાય માટેના ફંડમાં રૂા. ૨૧,૦૦,૦૦૦/- (એકવીસ લાખ) જેવી માતબર રકમનો ચેક, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાને અર્પણ કરીને આ ફંડને **"LION C.A. Ashok Brijlal Modi Conveyance Corpus Fund"** નામ અપાયેલ છે.

સંસ્થામાં આર્થિક રીતે પછાત કુટુંબમાંથી આવતા બધિર બાળકોને શૈક્ષણિક સાધનોની સહાય માટે ચાલતી શ્રી ફૂલચંદ એમ. કોરડિયા અને શ્રીમતી કમળાબેન એફ. કોરડિયા શીશુપાલક યોજનામાં ૨૦ બધિર બાળકોને શ્રીમતી કોકિલા અશોકભાઈ મોદી તરફથી સ્પોન્સર કરવા રૂા. ૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ) નો ચેક, તેમજ એ જ યોજનામાં સ્વ. કુમારી રન્ના અશોકભાઈ મોદી તરફથી ૩૦ બાળકોને સ્પોન્સર કરવા માટે રૂા. ૭,૫૦,૦૦૦/- (સાત લાખ પચાસ હજાર) નો ચેક ખજાનચી શ્રી જીતુભાઈ શાહને અર્પણ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના "મહેતા છાત્રાલય" તથા "શ્રીમતી ચંદાબેન મોહનલાલ પટેલ" છાત્રાલય માટે બધિર બાળકોને ઠંડા પાણીથી નહાવું ન પડે તે માટે કુલ રૂા. ૬,૬૦,૦૦૦/- (છ લાખ સાઈઠ હજાર) ની કિંમતના બેન્ચમાર્ક કંપનીના વોટર હીટપંપ ભેટ આપવામાં આવેલ છે. તમામ સાધન સુવિધાઓની અર્પણવિધિ દાતાઓના વરદ હસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવી હતી. ઉપરાંત દાનની વિવિધ તકતી લગાવાયેલ, તેનું પૂજન દાતાશ્રીઓના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી શ્રી મનોજભાઈ શાહે તેના ઉદ્દબોધનમાં આ સંસ્થાના કાર્યો અંગે સંતોષ વ્યક્ત કરેલ અને સંસ્થાને જયારે-જયારે જરૂર પડશે ત્યારે, આ ટ્રસ્ટ તેમની સાથે જ છે તેમ જણાવ્યું હતું. અતિથિવિશેષ શ્રી મહેશભાઈ ગાંધી જે ઘણા વર્ષોથી આ સંસ્થા સાથે સંકળાયેલ છે, તેમણે આશીર્વચન આપેલ. શ્રી ઉદયભાઈ કપાસી સોલિસીટરે પણ શુભેચ્છા પાઠવેલ. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ પ્રસંગોચિત ઉદ્દબોધન કરેલ. ઉદ્દઘોષણા શ્રી વૈશાલીબેન શુકલએ કરેલ. શ્રી સૂર્યકાંતભાઈ ચાવડાએ આભારવિધિ કરેલ. કાર્યક્રમમાં ટ્રસ્ટી શ્રીમતી મીતાબેન ઓઝા, સંસ્થાના વિભાગીય વડાઓ, સ્ટાફ અને બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# મધર્સ ટ્રેનિંગના પ્રમાણપત્ર વિતરણનો કાર્યક્રમ

એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. એ પંક્તિને યથાર્થ કરતો કાર્યક્રમ શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમ ખાતે યોજાય ગયો. શાળામાં જન્મથી શ્રવણ ખામી ધરાવતા બાળકોના વાલીઓને પોતાના બાળકને કઈ રીતે વાણી શિક્ષણ, ભાષા શિક્ષણ આપવું, તેના માર્ગદર્શન માટે મધર્સ ટ્રેનિંગ કોર્સ ચલાવવામાં આવે છે. કોર્સમાં જોડાનાર વાલીઓને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં તાલીમ મેળવેલ માતા શ્રી કાજલબેને પોતાના અનુભવ જણાવતા કહ્યું કે, ‘‘ખરેખર મધર્સ ટ્રેનિંગ કોર્સ પૂર્ણ કરવાથી અમને અમારા બાળકને વધુ સારી રીતે સમજવાની, તેને શિક્ષણ આપવાની સમજ મળી. અમને આટલું સારું માર્ગદર્શન આપવા બદલ અમે સંસ્થા પરિવારનો આભાર વ્યકત કરીએ છીએ.’’

આ પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમમાં સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, સહમંત્રી શ્રી અમિતભાઈ, પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી ધવલભાઈ, કો-ઓર્ડિનેટર શ્રી ફાલ્ગુનીબેન મકવાણાની હાજરી પ્રોત્સાહક રહી હતી. શ્રી અમિતભાઈએ તેના વ્યકતવ્યમાં માતાઓને તાલીમ દરમિયાન મળેલ જ્ઞાનનો વધારેમાં વધારે ઉપયોગ કરવા, તેમજ હજુ વધારે માર્ગદર્શનની આવશ્યકતા હોય તો ફરીવાર આવવા જણાવ્યું હતું.

# કેસ સ્ટડી - પાયલ દૂધરેજીયા



ડૉ. કવિતાબેન શાહ



‘આપણા ભારત દેશમાં વિવિધ ભાષાઓ બોલાય છે, કહેવાય છે કે, ‘‘ગામે ગામે બોલી બદલાય.’’

સામાન્ય રીતે બધિરતાનું પ્રમાણ પણ અલગ-અલગ જોવા મળે છે જેવા કે, માઈલ્ડ લોસ, મોડરેટ લોસ, સિવિયર લોસ અને પ્રોફાઉન્ડ લોસ. અમારી શાળામાં મોટા ભાગના બાળકો સિવિયર લોસ અને પ્રોફાઉન્ડ લોસ ધરાવે છે. આ બાળકો પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરવા સાઈન લેંગ્વેજનો ઉપયોગ કરે છે.

એવી જ એક મારા વર્ગની વિદ્યાર્થીનીની વાત કરું તો... આજથી દસેક વર્ષ પહેલાં ભાવનગરના મફતનગર જેવા સ્લમ વિસ્તારમાંથી રજળતી-ભટકતી ચિ. પાયલ દૂધરેજીયા જયારે બહેરાં-મૂંગા શાળામાં આવી ત્યારે દેખાવે શ્યામ, શરીરે દૂર્બળ જાણે કોઈ નૂર તેજ વગરનો દેખાવ. તેનું કાઉન્સેલિંગ કર્યું. મેં જાણ્યું કે તે અધૂરા માસે જન્મી છે. સાથો-સાથ વજન ઓછું અને હૃદયની બિમારીથી પણ ઘેરાયેલી હતી. શાળાના ઓડિયોલોજિસ્ટ દ્વારા કાનની તપાસ કરાવી. તો તેને ૯૦% બધિરતા એટલે કે પ્રોફાઉન્ડ લોસ છે. તેવું નિદાન થયું. માતા-પિતાને શ્રવણમંદતા એટલે શું ? તે પણ ખ્યાલ ન હોતો. માતા આખો દિવસ પારકા કામ કરે અને પિતા મજુરી કામ કરી ચાર દીકરીઓનું માંડ-માંડ ગુજરાન ચલાવતા.

શાળાના શિક્ષકના માર્ગદર્શનથી પાયલને નર્સરીમાં એડમિશન આપવામાં આવ્યું. તે હોંશે-હોંશે શાળામાં આવવા લાગી. શ્રવણમંદ બાળકની શેષ શ્રવણ શક્તિને વિકસાવવા શ્રવણયંત્રની જરૂર પડે. પરંતુ પાયલના પિતા માટે તે ગજા બહારની વાત હતી. શાળાના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ શ્રી ચેતનાબહેન કોઠારીએ તેમના માતુશ્રી સ્વ. હસુમતીબેન શાહના નામે રૂા. ૩૫,૦૦,૦૦૦/- જેવી માતબર રકમનું કોર્પસ ફંડ બનાવ્યું છે, જેમાંથી નવા દાખલ થતા સાધારણ વિદ્યાર્થીઓને BTE મશીન આપવામાં આવે છે. આમ, પાયલને પણ શાળામાંથી BTE મશીન જે અઢારથી વીસ હજારની કિંમતનું થાય છે, તે તદ્દન ફ્રીમાં આપવામાં આવ્યું. સાથો-સાથ શ્રી કુંજલબેન દ્વારા વાણી શિક્ષણ આપવાથી પાયલ હવે ભાષા અને વાણી પર સારું પ્રભુત્વ ધરાવે છે. જયારે પાયલ પ્રથમ વખત ‘‘મમ્મી’’ શબ્દ બોલી, ત્યારે માતા શ્રી નીતાબહેન ચોધાર આંસુએ રડી પડયાં જે આંસુ **હરખના આંસુ** હતાં.

આજે ધો. ૮ માં હું જયારે પાઠ સમજાવું છું. ત્યારે, પાયલ સાઈન અને વધારે વાણીનો ઉપયોગ કરી અભ્યાસ કરે છે. શાળામાં થતા સાંસ્કૃતિક પ્રોગ્રામમાં તે અભિનય પણ, મ્યુઝિક સાંભળી સરસ રીતે કરી શકે છે. અમારી શાળામાં અવાર-નવાર મહેમાનો આવે ત્યારે પાયલની તૂટક-તૂટક વાતચીત સાંભળી સૌ કોઈના દિલ જીતી લે છે. પાયલ ચિત્ર અને ક્રાફટ પણ ખૂબજ સુંદર કરે છે. હવે પાયલ ધો. ૮ પાસ કરી માધ્યમિક શાળામાં જશે.

ટૂંકમાં બધિર બાળકની વહેલી તપાસ થાય, સ્પેશ્યિલ શિક્ષક દ્વારા શિક્ષણ મળે અને શ્રવણ ખામીને અનુરૂપ શ્રવણયંત્ર જો યોગ્ય સમયે મળે, તો શ્રવણમંદ બાળકનો ચોક્કસપણે સર્વાંગી વિકાસ થઈ શકે અને સરળતાથી પુનઃવસન કરી શકાય છે.’

**- ડૉ. કવિતા શાહ**



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



✍ ગજાનંદ ભટ્ટ

**ધો. ૮ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારંભ :**

પ્રાથમિક શાળામાં ધો. ૮ માં અભ્યાસ કરતા બાળકોનો તા. ૧૯-૪ ના રોજ **શુભેચ્છા સમારંભ** યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ બધિર સમાજ અને સાંભળતા સમાજ વચ્ચે ઈન્ટરપ્રિટેશનની આવશ્યકતાને લગતું નાટક રજૂ કર્યું. સાથે-સાથે પોતાના પ્રાથમિક અભ્યાસના સંસ્મરણોની વિડીયો ફિલ્મ અને પોતાના અનુભવોની વિડીયો ફિલ્મ બતાવવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓના વરદ હસ્તે બાળકોને આગળના અભ્યાસમાં ઉપયોગી બને તેવી બેગ આપીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

કાર્યક્રમમાં બાળકોનો ઉત્સાહ વધારવા સંસ્થાના ખજાનચી શ્રી જીતુભાઈ, સહમંત્રી શ્રી અમિતભાઈ, પ્રાથમિક શાળાના આચાર્ય ડૉ. ધવલભાઈની હાજરી પ્રેરક રહી હતી. કાર્યક્રમની આભારવિધિ શ્રી ફાલ્ગુનીબેન ખાટસુરિયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગજાનંદભાઈએ કર્યું હતું.

**ઓકટેન્ટની મોજ :**

પ્રાથમિક શાળામાં ધો. ૮ માં અભ્યાસ કરતા ૨૬ બાળકો અને તેના ૩ વર્ગ શિક્ષકો તા. ૧૮-૪ ના રોજ બપોરે 'ઓકટેન્ટ પીઝા' હોટલમાં ગયા હતાં. ત્યાં બાળકોએ જુદા-જુદા સુપ, ચાઈનીઝ વેરાયટી, સાઉથ ઈન્ડિયન, પંજાબી, પાણીપૂરી, કેક, ઠંડાપીણા, વિવિધ પીઝાની વેરાયટી, જૈન ફૂડ વગેરે ભરપેટ જમવાની મોજ માણી હતી. છેલ્લે બાળકોએ આઈસ્ક્રિમનો આનંદ માણ્યો હતો. આ સમગ્ર મોજ દાતાશ્રી ડૉ. સુશિલ બચાણી સાહેબ અને તેમના પરિવારના સભ્યોએ, તેમના સ્વ. પિતાશ્રીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે માણવાનો મોકો મળ્યો હતો. શાળામાંથી હોટલ સુધી બાળકોને લાવવા-લઈ જવામાં પણ ધો. ૮ માં ભણતા સુંદર મકવાણાના વાલી શ્રી સુરેશભાઈએ વ્યવસ્થા કરી આપીને પોતાની કૃતજ્ઞતા વ્યકત કરી હતી.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા



✍ જ્યોતિ ભટ્ટી

**'આત્મનિર્ભર બનતા વિદ્યાર્થીઓ' :**

શાળામાં વાર્ષિક પરીક્ષા પૂરી થતા ધો. ૧૨ના વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીઓ સાથે એક મિટીંગ રાખવામાં આવેલ. જેમાં સંસ્થાના માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, શિક્ષક શ્રી યોગેશભાઈ ગોસ્વામી, શ્રી જયોતિબેન બારૈયાએ વાલીઓ સાથે વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ચર્ચા કરી અને શ્રી અશ્વિનભાઈ પંડયાએ દીકરીઓને **હરી દર્શન ડાયમંડ એક્ષપોર્ટ** નોકરી કરવાની સલાહ અને માર્ગદર્શન આપેલ.

ત્યારબાદ શ્રી શૈલેષભાઈ દવે, શ્રી યોગેશભાઈ ગોસ્વામી તથા શ્રી જયોતિબેન બારૈયાએ ધો. ૧૨ની તમામ વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીઓને લઈને હરી દર્શનની મુલાકાતે ગયેલ. જયાં હરી દર્શન એક્ષપોર્ટના માલિક શ્રી રીતેશભાઈ લખાણી અને મેનેજર શ્રી નિરવભાઈ પટેલે વાલી અને વિદ્યાર્થીઓને ઓફિસ, કાર્ય, શિસ્ત, સલામતી વગેરે અંગેની સવિસ્તાર સમજ આપેલ. તેમજ સંતોષકારક પગાર સાથે આ સેવા કાર્ય માટે શ્રી રીતેશભાઈએ દીકરીઓને રહેવા માટે ફલેટ, તેમજ ૧૫ દિવસના ટિફીનની વ્યવસ્થા નિઃશૂલ્ક કરી આપેલ હતી.

નિશ્ચિત તારીખે દીકરીઓ પોતાના ઘરેથી નોકરી કરવા માટે પરત આવેલ. જયાં ફલેટમાં જરૂરી સગવડતાઓ શ્રી અશ્વિનભાઈ પંડયા દ્વારા પૂરી પાડવામાં આવેલ હતી. હાલમાં શાળાની ૬ શ્રવણમંદ દીકરીઓ ફલેટમાં રહીને નોકરી કરે છે, તેમના માટે રાત્રે કેરટેકર તરીકે એક બહેન રાખવામાં આવેલ છે.

આમ, ઘરે એકલાપણું અનુભવતી આ દીકરીઓ હાલમાં પોતાની બહેનપણીઓ સાથે રહીને આનંદ સાથે ગૌરવ અનુભવી રહી છે, તેમજ જાતે કમાઈને આત્મનિર્ભર બની છે.

**'રમતોત્સવ' :**

શાળાના ધો. ૯ અને ધો. ૧૧ ની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થતા શાળાની વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે તા. ૧૩-૪ ના રોજ વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં વોલીબોલ, રસ્સી ખેંચ, સર્કલ બોલ, સંગીત ખુરશી જેવી વિવિધ રમતો રમાડવામાં આવેલ. જેમાં શ્રવણમંદ વિદ્યાર્થીઓ અને



વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમતોનું પરીણામ નીચે પ્રમાણે છે.

**બહેનોની રમત**

૧. વોલીબોલ : ધો. ૯ની બહેનો વિજેતા થયેલ.

૨. સર્કલ બોલ : ધો. ૯ની બહેનો વિજેતા થયેલ.

૩. રસ્સી ખેંચ : ધો. ૯ની બહેનો વિજેતા થયેલ.

૪. સંગીત-ખુરશી : પટોડિયા ફેન્સી વિજેતા થયેલ.

**ભાઈઓની રમત**

૧. વોલીબોલ : ધો. ૧૧ ના ભાઈઓ વિજેતા થયેલ.

૨. સર્કલ બોલ : ધો. ૧૧ ના ભાઈઓ વિજેતા થયેલ.

૩. રસ્સી ખેંચ : ધો. ૯ ના ભાઈઓ વિજેતા થયેલ.

૪. સંગીત-ખુરશી : ગોહિલ મનદિપસિંહ વિજેતા થયેલ.

સાથે વિદ્યાર્થીઓ સાથે શિક્ષકોની રમતનું પણ આયોજન થયેલ. જેમાં વોલીબોલમાં શિક્ષકોની ટીમ વિજેતા થયેલ. જયારે સંગીત-ખુરશી, શિક્ષકોની રમતમાં શ્રી જયોતિબેન બારૈયા વિજેતા થયેલ. વિજેતાઓને સર્ટિફીકેટ આપવામાં આવેલ.

આ રમતોત્સવનું સમગ્ર સંચાલન શાળાના રમત શિક્ષકો શ્રી હિતેષભાઈ વ્યાસ અને શ્રી સંદિપભાઈ ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવેલ.

**પિકચર '૧૨ ફેઈલ' :**

શાળાના ધો. ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને પરીક્ષા પૂરી થતા શાળાના ઓડિટોરિયમમાં તા. ૧૫-૪ ના રોજ '૧૨ ફેઈલ' પિકચર બતાવવામાં આવ્યું.

આ પિકચર બતાવવાનોઅ હેતુ બાળકોને આનંદ મળે અને સાથે-સાથે શૈક્ષણિક કારકીર્દિને વેગ મળે, તેમજ અન્ય ઉપદેશ જેવા કે, ૧. મહેનત કરવાથી સફળતા મળે જ છે, ૨. નીતિપૂર્વક અભ્યાસ કરવો. ૩. વિપરીત સંજોગોમાં પણ ઉદ્દેશ સિધ્ધ કરી શકાય છે. વગેરે. પિકચર બતાવવા અંગેની સમગ્ર કામગીરી શ્રી યોગેશભાઈ ગોસ્વામી દ્વારા કરવામાં આવેલ. તેમજ સાઈન દ્વારા શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી વિશ્વાબેન તથા શ્રી ધ્રુવિબેન દ્વારા પિકચરનું કથાનક ઈન્ટરપ્રિટ કરવામાં આવેલ.

**'નેશન બિલ્ડર એવોર્ડ' દ્વારા સન્માનિત શ્રી વિરેન્દ્રસિંહ ગોહિલ :**

શાળાના સિનિયર શિક્ષક શ્રી વિરેન્દ્રસિંહ ભગવતસિંહ ગોહિલ કે જેઓ છેલ્લા ૧૭ વર્ષથી શ્રવણમંદ વિદ્યાર્થીઓના શિક્ષણનું શ્રેષ્ઠ કાર્ય કરી રહ્યાં છે.

તેઓશ્રી શ્રવદણમંદ વિદ્યાર્થીઓને શીખવવા માટેની સાઈન લેંગ્વેજના ગુજરાત કક્ષાના તજજ્ઞ, તેમજ વિદ્યાર્થીઓને સરકારી નોકરી અપાવવામાં ખૂબ જ સહાયરૂપ થનાર તેમજ આ ક્ષેત્રે સંપૂર્ણ સમર્પિત થઈને રાત-દિવસ કાર્ય કરનાર, તેવા શ્રી વિરેન્દ્રસિંહને ભાવનગરની ઈનર વ્હીલ કલબ દ્વારા, **નેશન બિલ્ડર એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યા હતાં. શાળાના આચાર્ય અને ટ્રસ્ટીશ્રીઓએ તેઓશ્રીને એવોર્ડ બદલ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવેલ હતી.

**શૈક્ષણિક મુલાકાત :**

**૧. બેન્કની મુલાકાત :**



શાળાના ધો. ૧૧ ના કુલ ૩૨ વિદ્યાર્થીઓને શૈક્ષણિક હેતુસર તા. ૧૯-૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વિદ્યાનગર બ્રાન્ચની મુલાકાતે લઈ જવામાં આવેલ. ત્યાંના મેનજરે વિદ્યાર્થીઓને આવકારી ખૂબ સરસ માર્ગદર્શન આપેલ.

બેન્કમાં રકમ જમા કરવી, ઉપાડવી વગેરે કાર્ય માટેના ફોર્મ, ચેક બતાવવામાં આવેલ તેમજ કયાં કઈ વિગત લખવી ? તે સમજાવવામાં આવેલ. ત્યાંના કર્મચારીઓએ બેન્ક ખાતાના પ્રકાર વિશે સમજાવેલ સાથે દરેક માહિતી શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલ તથા શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા ઈન્ટરપ્રિટ કરી આપવામાં આવેલ.

આ સાથે ફિકસ ડિપોઝીટ, લોકર વગેરે વિશે સરસ, રસપ્રદ માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પ્રશ્નો પૂછયા, તેની વિગત સમજાવેલ. મેનેજરે ઝીરો બેલેન્સથી તમામ વિદ્યાર્થીઓનું ખાતુ ખોલી આપશે, તેમ જણાવ્યું હતું.

આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ ત્યાં પોતાના બચત ખાતામાં રકમ જમા કરાવવા, બે વિદ્યાર્થીઓ પાસે પ્રેકિટકલ ફોર્મ ભરાવેલ. જમા કરાવવાની કાર્યવાહી તેમજ SMS અને પ્રિન્ટરમાં પાસબુકમાં એન્ટ્રી વિદ્યાર્થીઓ પાસે કરાવી હતી.

**૨. પોસ્ટ ઓફિસની મુલાકાત :**

શાળાના ધો. ૯ ના કુલ ૪૦ વિદ્યાર્થીઓ-શિક્ષકો અને



આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે પોસ્ટ ઓફિસની મુલાકાતે તા. ૧૯-૪ ના રોજ ગયેલ. આ મુલાકાતનો મુખ્ય શૈક્ષણિક હેતુ પોસ્ટ વિભાગની જાણકારી આપવાનો તથા ત્યાં થતી અલગ-અલગ કામગીરી વિશે માહિતીગાર કરવાનો હતો.

ભાવનગરની તખ્તેશ્વર શાખાની પોસ્ટ ઓફિસની મુલાકાત દરમિયાન, ઓફિસના પોસ્ટ માસ્ટર સાહેબશ્રીએ ત્યાં થતી વિવિધ કામગીરી સમજાવી હતી. જેમાં ડિપોઝીટ, એકાઉન્ટ, રીકરીંગ એકાઉન્ટ, પેન્શન યોજના, આધાર કાર્ડ સુધારા કેન્દ્ર, સ્પીડ પોસ્ટ કાઉન્ટર જેવી વિવિધ માહિતી સમજાવી તથા વિદ્યાર્થીઓએ પૂછેલા પ્રશ્નોનું નિરાકરણ આપ્યું. પોસ્ટ વિભાગમાં ઉપયોગી થતા પોસ્ટ કાર્ડ, કવર, રેવન્યુ સ્ટેમ્પ, વ્યવહાર માટેના જુદા-જુદા ફોર્મ, પાસબુક વગેરે બતાવીને વિગત લખવા વિશે સમજ આપી.

આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ પ્રત્યક્ષ માહિતી મેળવીને વ્યવહારિક રીતે ઉપયોગ કરવામાં મદદરૂપ બનશે. આ સમગ્ર આયોજન સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા તથા માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

**'વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓ' :**

**૧. સુલેખન સ્પર્ધા :**

શાળામાં તા. ૨૪-૪ ના રોજ ધો. ૯ ના વિદ્યાર્થીઓની **સુલેખન સ્પર્ધા** યોજવામાં આવી હતી. જેનો હેતુ સુંદર અક્ષર માટે પ્રોત્સાહન તેમજ પ્રેરણાનો હતો. તમામ વિદ્યાર્થીઓ તેમાં જોડાયેલ.

જેમાં ધો. ૯ના ત્રણ વર્ગોમાં પ્રથમ બારૈયા હિરલ વિક્રમભાઈ, દ્વિતીય રાઠોડ નાજીયા યુનુસભાઈ તેમજ તૃતિય સ્થાને સોલંકી વિશાલ રવજીભાઈ વિજેતા બનેલ.

શાળા તરફથી તેઓને પ્રમાપત્ર આપવામાં આવ્યા હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ સહુને અભિનંદન આપ્યાં હતાં.

**૨. નિબંધ સ્પર્ધા :**

શાળામાં ધો. ૯ ના વિદ્યાર્થીઓ માટે **નિબંધ સ્પર્ધા** નું યોજવામાં આવ્યું હતું. જેનો હેતુ વિદ્યાર્થીઓની મૌલિક લેખન




શક્તિ કેળવાય, તેમજ વૈચારિક પ્રક્રિયાનો વિકાસ થાય.

આ સ્પર્ધામાં વિષયો આપવામાં આવ્યા હતાં. ૧. ઉનાળાની બપોર અને ૨. પ્રકૃતિને ખોળે એક કલાક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબરે બારૈયા હિરલ વિક્રમભાઈ, દ્વિતીય બલર કૃષ્ણલ મુકેશભાઈ તથા તૃતિય અગ્રાવત પાર્થ સંજયભાઈ વિજેતા બન્યા હતાં. તેઓને શાળા તરફથી સર્ટિફીકેટ આપી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, તેમજ આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવેલ.

**'વિજ્ઞાનના પ્રયોગોનું નિદર્શન' :**



શાળામાં તા. ૨૬-૪ ના રોજ વિજ્ઞાન વિષય પ્રત્યે બાળકોમાં રૂચિ વધે અને જ્ઞાન પ્રાપ્ત કરે તે હેતુથી, ધો. ૯ ના વિદ્યાર્થીઓ સમક્ષ શ્રી ભાર્ગવભાઈ અઢિયા, શ્રી રોશનીબેન રાઠોડ તથા શ્રી વર્ષાબેન ચૌહાણ દ્વારા વિવિધ પ્રયોગો કરાવવામાં આવ્યાં, જે જોઈને બાળકો વિસ્મય પામ્યાં હતાં.

કેમેસ્ટ્રી (રસાયણ શાસ્ત્ર) નો પ્રયોગ બતાવ્યાં. જેમાં એસિડ-બેઈઝના ગુણધર્મો સમજાવતો પ્રયોગ કરાવ્યો. જેમાં ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત થાય, તેવા હેતુસર વોલ્કેનો ઈરુપ્ત (જવાળામુખી નિર્માણ) ની પ્રકિયા દર્શાવવામાં આવી. જેમાં ખાવાના સોડા ₹ ધોવાના સોડા ₹ ગ્લેશિયલ એસિટિક એસિડનો ઉપયોગ કરાયો હતો. અહીં પ્રયોગ દરમ્યાન ઉત્પન્ન થયેલ નિપજ એવી **વોલ્કેનો** જોઈ બાળકોના આશ્ચર્યના પાર રહ્યાં ન હતાં. તેમજ રસાયણ વિજ્ઞાન તેમના માટે જાદુનો વિષય બની ગયો હોય, તેવા તેમના હાવભાવ દેખાઈ રહ્યાં હતાં. બીજા પ્રયોગમાં દ્રાવણ મિનીટમાં કેટલાક ભાગોમાં જ ૪-૫ રંગો બદલતું હતું જે જોઈને, તો બાળકોને નવાઈ લાગી. હાલ તે જોઈને શિક્ષકોની ખુશીનો પણ પાર ન રહ્યો. ત્રીજા પ્રયોગમાં જીવ વિજ્ઞાન વિશે પ્રાથમિક માહિતી

અપાઈ હતી. તેમજ તેમાં ઉંડાણપૂર્વકના હેતુસર વિવિધ સૂક્ષ્મ જીવોની સ્લાઈડો બનાવી, વિદ્યાર્થીઓને બતાવવામાં આવી. જે બાળકો માટે એક રોમાંચક અનુભવ રહ્યો. આમ, પ્રયોગો દ્વારા બાળકોની જીજ્ઞાસાવૃતિ સંતોષાય હતી.

**'અક્ષરવાડી મંદિરની મુલાકાત' :**



શાળાના ધો. ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો તા. ૨૭-૪ ના રોજ **અક્ષરવાડી મંદિરની મુલાકાતે** ગયા હતાં.

આ મુલાકાતનો હેતુ વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક તથા નૈતિક ગુણોનો વિકાસ થાય, સદ્દભાવના કેળવે તથા તેમનો પરિવાર સમાજ સેવા ઉમદા વિચારોથી જોડાણ થાય તે હતો. ત્યાં સહુએ શ્રધ્ધાપૂર્વક દર્શન કર્યા, ત્યારબાદ ત્યાં સ્વામીજીએ જીવનમાં સફળતા મેળવવા માટે શું ધ્યામાં રાખવું ? તે અંગે પ્રવચન આપેલ અને સહુએ ભગવાનનો અભિષેક કરી, પ્રસાદ લીધેલ. આ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું, તેમજ સમગ્ર સ્ટાફના સહકારથી સફળ બન્યો હતો.

**'દિવ્યાંગ મતદાન જાગૃતિ રેલી' :**




શાળા દ્વારા "મતદાન એ આપણી પવિત્ર ફરજ છે." એ સાર્થક કરવા ધો. ૯ અને ધો. ૧૧ ના શ્રવણમંદ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા તા. ૨૭-૪ ના રોજ **મતદાન જાગૃતિ રેલી**નું આયોજન કરવામાં આવ્યું હતું.

તમામ વિદ્યાર્થીઓ મતદાન જાગૃતિ વિશેના વિવિધ સ્લોગન લખેલા બેનર સાથે, ઉત્સાહભેર રેલીમાં જોડાયા હતાં. શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ રેલીમાં જોડાઈને સહુને પ્રોત્સાહિત કર્યા હતાં. સંસ્થાના મંત્રીશ્રીએ સહુને આ સરસ આયોજન માટે બીરદાવ્યા હતાં. આચાર્ય શ્રી શૈલેષભાઈએ 'મતદાન કરવું' એ વિશે સહુને સમજાવ્યું હતું. સર્વ શિક્ષક સ્ટાફના સહકારથી આ કાર્યક્રમ સફળ બન્યો હતો.

**'રમતના મેદાનમાં વોલ પેઈન્ટિંગ' :**



શાળાના રમતના મેદાનમાં આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેની દીર્ઘદ્રષ્ટિથી નવો જ વિચાર રજૂ કરવામાં આવ્યો. જેમાં શાળાના રમતના મેદાનની દીવાલોને જીવંત બનાવવાનું નક્કી કરવામાં આવ્યું.

વાર્ષિક પરીક્ષાઓ પૂર્વ થતા શાળાની ધો. ૯ અને ધો. ૧૧ની શ્રવણમંદ ૯ વિદ્યાર્થીનીઓ દ્વારા દીવાલ પર સુંદર રીતે વાર્લીકળાના ચિત્રો દોરાવવામાં આવ્યાં હતાં.જે કાર્ય નિષ્ણાત, ચિત્ર અંગેની સુંદર કળા ધરાવતા શાળાના શિક્ષિકાઓ શ્રી અનુપાબેન શાહ તથા શ્રી ઉજ્જવલાબેન વ્યાસ દ્વારા માર્ગદર્શિત કરવામાં આવ્યું. મેદાનમાં તમામ વાર્લીકળા માટે એક અઠવાડિયું સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ વાગ્યા સુધી આ શિક્ષિકાઓ અને વિદ્યાર્થીનીઓની ટીમ દ્વારા કાર્ય કરવામાં આવ્યું અને રચનાત્મક, કલાત્મક પ્રસ્તુતિ રજૂ કરવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ શાળા તરફથી આપવામાં આવ્યાં હતાં. સંસ્થા પરિવારે દરેકને ખૂબ-ખૂબ અભિનંદન આપ્યાં હતાં.

**'શૃંગાર પ્રોજેક્ટ' :**



શાળામાં ચાલતા "શૃંગાર પ્રોજેક્ટ" પ્રવૃત્તિ અંતર્ગત આ વર્ષે ધો. ૧૧ ની ૮ વિદ્યાર્થીનીઓને બ્યુટી પાર્લરમાં કરવામાં આવતા વિવિધ કાર્યો શીખવવામાં આવ્યાં.

શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે અભ્યાસ પૂરો થયા બાદ કાર્ય કરવા માટે શ્રવણમંદતા બાધારૂપ બનતી હોય છે. તેથી વિદ્યાર્થીઓને આ કોર્ષની તાલીમ આપવામાં આવે છે કે જેથી તે પગભર થઈ શકે, તેમજ આજીવિકા પ્રાપ્ત કરી ઉચ્ચ જીવનધોરણ જીવી શકે.

આ કોર્સની તાલીમ શ્રી જાન્હવીબેન ચૌહાણ દ્વારા આપવામાં આવી. તેઓએ કોર્સ દરમ્યાન આઈ-બ્રો, ફેસિયલ, હેર-સ્ટાઈલ વગેરે ચોકસાઈપૂર્વક કરવાનું શીખવ્યું. તાલીમ પૂર્ણ થયા બાદ તા. ૩-૫ ના રોજ પરીક્ષા લેવામાં આવી. તે અંગે નિર્ણાયક શ્રી દર્શનાબેન શાહ, તેમજ શ્રી લક્ષ્મીબહેન જાનીએ સેવા આપેલ. તેઓનું મેમેન્ટોથી સન્માન કરવામાં આવ્યું.

દરેક વિદ્યાર્થીઓએ અન્ય વિદ્યાર્થીઓને સુંદર રીતે તૈયાર કરી, પોતાની કળા પ્રસ્તુત કરી. જેમાં પ્રથમ નંબરે ક્રિષ્ના ધીનૈયા, દ્વિતિય નંબરે પ્રિન્સિબા ગોહિલ, તેમજ તૃતિય નંબરે અવની જૈન ઉત્તીર્ણ થયા હતાં. સહુએ તેઓને અભિનંદન આપેલ. દરેક વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ તથા બ્યુટી પાર્લર કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ટ્રેઝરર શ્રી જીતુભાઈ શાહ, માધ્યમિક વિભાગમાં આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, પ્રાથમિક વિભાગના આચાર્ય શ્રી ધવલભાઈ વ્યાસ, શ્રી મિતાબેન ઓઝા, શ્રી દક્ષાબેન, શ્રી શ્વેતાબેન વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. સહુએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવેલ.

આ કોર્સના કો-ઓર્ડિનેટર તરીકે શ્રી ધ્રુવીબેન ચાવડાએ કામગીરી કરેલ. દરેકનું સ્વાગત શ્રી જ્યોતિબેન ભટ્ટીએ કરેલ. આભારવિધિ શ્રી શૈલેષભાઈ દવેએ કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં સાઈન દ્વારા શ્રી વિરેન્દ્રભાઈ ગોહિલ તેમજ શ્રી જ્યોતિબેન બારૈયા દ્વારા ઈન્ટરપ્રિટ કરવામાં આવ્યું હતું.



## શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

- તા. ૨૪-૩ ના રોજ હોળીનો તહેવાર હોવાથી છાત્રાલયના બધા જ બાળકોને હોળીમાતાના દર્શન કરવા લઈ ગયેલ. બાળકોએ પ્રદક્ષિણા પણ કરેલ. બાળકોને ખજૂર, ધાણીનો નાસ્તો દાતાશ્રી ભાવિનભાઈ તરફથી કરાવેલ. તેમજ તા. ૨૫-૩ ના રોજ ધૂળેટીના તહેવારમાં બાળકોને છાત્રાલયમાં ગુલાલથી ધૂળેટી રમાડેલ. બાળકો એક-બીજા પર ગુલાલ છાંટીને ખૂબજ આનંદથી રમતા, નાના બાળકો પીચકારી તથા ફૂગ્ગાથી એક-બીજા બાળકોને રંગીને ધૂળેટીની તહેવાર ઉજવીને, બાળકોને મિષ્ઠાન ભોજન કરાવેલ. આ બંને દિવસમાં શ્રી ભાવિનભાઈ (ટ્રાન્સપોર્ટવાળા) એ આર્થિક સહયોગ આપેલ.
- તા. ૧૬-૪ ના રોજ શ્રી નિશાબેન પી. જેબલિયાએ છાત્રાલય વિભાગમાં જરૂરિયાત મુજબના રસોડાના સાધનોની ભેટ આપેલ. સ્ટીલનું કુકર-૫ લીટર, સ્ટીલનું તપેલું ૨૦ લીટર, બજાજનું મિક્ષચર અને બજાજનું બ્લેન્ડર અને બાળકોના જમવાના સમયે આવેલ બાળકોને પોતાના હાથથી પીરસેલ, તેમજ દરેક વિભાગની મુલાકાત કરેલ અને વિભાગમાં વ્યવસ્થા જોઈ ખૂબ જ આનંદની લાગણી વ્યકત કરેલ.



## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ
## છાત્રાલય




- તા. ૨૪-૩ ને હોળી નિમિત્તે છાત્રાયલના સૌ બાળકોને ગૃહમાતાશ્રી અને સ્ટાફ દ્વારા રાત્રે રૂપાલી દીવડી ખાતે હોલિકા દહનની પૂજા કરવા લઈ જવામાં આવેલ. જ્યાં સૌએ હોલિકાની પૂજા કરી, ફરતે પ્રદક્ષિણા કરી હતી. આરોગ્યની દ્રષ્ટિએ આ દિવસનું શું મહત્વ છે ? તે સૌ બાળકોને સમજાવ્યું હતું.
- તા. ૨૫-૩ ના રોજ ધૂળેટી નિમિત્તે સી.એમ.પી. છાત્રાલયના બાળકોએ રંગેચંગે આ દિવસની ઉજવણી કરી હતી. દાતાશ્રી

ભાવિનભાઈ તરફથી મળેલ ગુલાલ, પિચકારી, ફુગ્ગાઓ દ્વારા બાળકોએ વાતાવરણને રંગમય બનાવેલ અને પોતે પણ રંગમય બનેલ. જેમ ધૂળેટીમાં બધા જ રંગો એક બને છે, તેમ આપણે પણ એક બનીએ તેવો સંદેશો ગૃહમાતાશ્રીએ બાળકોને આપેલ.

- તા. ૧૭-૪ ના રોજ રામનવમી નિમિત્તે છાત્રાલયના બાળકો અને સ્ટાફે ઉમંગભેર ઉજવણી કરેલ. જેમાં શ્રી રામચંદ્રજીના ફોટાને કંકુ તિલક કરી ધૂપ, દીપ અને ફૂલ અર્પણ કરી વાતાવરણને ધર્મમય બનાવેલ, પછી સૌએ રામધૂન, ભજન અને શ્રી રામચંદ્રજીની આરતી કરી હતી. અંતમાં સૌ બાળકોએ શીરાનો પ્રસાદ અર્પણ કરી અને આરોગ્યો હતો.
- તા. ૨૩-૪ ના રોજ હનુમાન જયંતિ નિમિત્તે છાત્રાલયના સૌ બાળકો અને સ્ટાફે હનુમાનજીની પ્રતિમા પાસે દીપ પ્રગટાવીને હનુમાન દાદાની આરતી કરી હતી. ત્યારબાદ સૌ બાળકોએ પોતાના પ્રિય હનુમાન દાદાના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવેલ.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)

**માહે મે-૨૦૨૪ની કામગીરીની વિગત**

- મે માસમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૨૪ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ, જેમાં લાભાર્થીઓને આશરે ૧૩૯ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૧, અડધા પગ-૭, ઓર્થોશુઝ-૧, ની-બ્રેસ-૧૯, હેન્ડ સ્પિલન્ટ-૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૧, અન્ય-૮૩, કેલિપર્સ-૨, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૦૭ એમ કુલ ૧૩૯ સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં.
- મે માસમાં સંસ્થામાં ની-બ્રેસનો ૧ કેમ્પ અનુક્રમે પુના, કોઈમ્તુર, બેંગ્લોર, શિવમોગા અને શીરસી મુકામે યોજાયેલ. જેમાં ૪૪ લાભાર્થીઓને ૮૪ ની-બ્રેસો પૂરી પાડેલ હતી.



## શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટ્યૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
## શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હીયરિંગ ઈમ્પાયર્ડ)



ડૉ. ધવલ વ્યાસ

**બી.એડ. સેમ-૪ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ :**

કોલેજમાં તા. ૨૫-૪ ના રોજ બી.એડ. સેમ-૪ ના તાલીમાર્થીઓનો વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં કોલેજના ચેરમેન શ્રી જીતુભાઈ શાહ, કોલેજના ટ્રસ્ટી શ્રી અમિતભાઈ, માધ્યમિક સ્કૂલના પ્રિન્સિપાલ, કોલેજના એચ.ઓ.ડી. શિક્ષકગણ અને તમામ તાલીમાર્થીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન બી.એડ. સેમ-૨ ની તાલીમાર્થી બહેનો, ભેડા રિંકલ અને ગળથિયા પારૂલ દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના ઓ.ડી. ડૉ. ધવલ વ્યાસ દ્વારા અતિથિશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી જીતુભાઈ અને શ્રી અમિતભાઈ દ્વારા બી.એડ. સેમ-૪ની વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમને આગળ વધારતા શ્રી હિરલબેન અને શ્રી શિવાનીકુમારી દ્વારા કોલેજમાં વિતાવેલા બે વર્ષના અનુભવો રજૂ કર્યાં હતાં. અને દીપેનભાઈ અને થાનસિંગ દ્વારા બી.એડ. સેમ-૪ ના વિદ્યાર્થીઓ સાથે વિતાવેલા અનુભવો રજૂ કર્યાં હતાં. અને બી.એડ. સેમ-૪ની વિદ્યાર્થીનીઓ દ્વારા કોલેજમાં વિતાવેલા બે વર્ષના અનુભવોને વિડીયોની ઝાંખી દ્વારા રજૂ કર્યાં હતાં. ત્યારબાદ બી.એડ. સેમ-૪ના વિદ્યાર્થીઓને રમત રમાડવામાં આવી હતી. તેમાં અલગ-અલગ કસોટી આપવામાં આવી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ તરફ જતા શિક્ષકગણ દયાબેન દ્વારા મહેમોનોને આભારવિધિ કરી અને કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.



સૂર્યકાંત ચાવડા

### ચામડી, વાળ અને નખના રોગોનો નિઃશૂલ્ક નિદાન કેમ્પ :



શ્રી બજરંગદાસબાપા આરોગ્ય ધામ અને ભાવનગર નવજવાન સંઘ સંચાલિત શેઠશ્રી વી.સી. લોઢાવાળા માતૃત્વ અને બાળ હોસ્પિટલ, શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનિકના સંયુકત ઉપક્રમે તા. ૨૮-૪ રવિવારે સવારે ૧૦ થી ૨ દરમ્યાન ચામડી, વાળ અને નખના રોગોનો નિઃશૂલ્ક નિદાન કેમ્પ રાખેલ હતો, જેમાં ડૉ. કાનન વડોદરિયા MD. Skin & VD પોતાની નિષ્ણાત તરીકે અદ્યતન હાઈડ્રાફેસિયલ (સ્કિન ગ્લો માટે), લેસર હેર રિમૂવલ (અણગમતા વાળ દૂર કરવાની ટ્રીટમેન્ટ), ખીલ, ખીલના ખાડા તથા ડાઘાની સારવાર, હોઠનો કાયમી રંગ (લિપ બ્લશ), કાનની બુટી વીંધવા તથા સાંધવા માટેની સારવાર, આઈબ્રો માઈક્રોબ્લેડિંગ, ચેપી તથા બીનચેપી મસાની પીડા રહિત સારવાર, કોસ્મેટિક સર્જરી, ખરતા વાળ, ટાલ, ખોડો તથા વાળનો ગ્રોથ, કેમિકલ પીલીંગ, સ્ટ્રેચ માર્કસની સારવાર, બોટોકસ ઈન્જેકશન, લેસર ટ્રીટમેન્ટ, ડાર્ક લિપ ટ્રીટમેન્ટ, PRP થેરાપી, અત્યાધુનિક કોસ્મેટિક સારવાર વિગેરેનું નિદાન અને માર્ગદર્શન આપ્યું હતું.

### શ્રી અશોકભાઈના જન્મદિવસ નિમિત્તે કેમ્પ :



શ્રી નાયનાબોના અશોકભાઈ વોરાના સૌજન્યથી શ્રી અશોકભાઈના જન્મદિવસ નિમિત્તે, શ્રી પ્રતાપરાય શામજીભાઈ પારેખ પોલિકિલનિક ખાતે તા. ૧૪-૫ ના રોજ સવારે ૧૦ થી ૨ તથા ૪ થી ૮ દરમ્યાન વિનામૂલ્યે તપાસ નિદાન કરી આપવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયનેક, આંખ, દાંત, કાન-નાક-ગળા, હાડકા, જનરલ ફિઝીશ્યન, ફિઝીયોથેરાપીસ્ટ, હરસ મસા ભગંદરના નિષ્ણાત ડૉકટરશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. આ કેમ્પમાં ૩૮ દર્દીઓએ લાભ લીધેલ છે.

જેમાં શરદી, ખાંસી, તાવ વિગેરે માટે ડૉ. મુકુંદભાઈ પંડયા સવારે ૧૧ થી ૧, સગર્ભા બહેનોને ચેકઅપ, પ્રસુતિ અને તેને લગતા રોગોના નિદાન અને સારવાર માટે સ્ત્રીરોગ અને પ્રસુતિ નિષ્ણાત ડૉ.શ્રી સવારે ૧૦ થી ૧ અને સાંજે ૫ થી ૭.

તથા ગુજરાત સરકારના અંધત્વ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત મોતિયાના નિઃશૂલ્ક ઓપરેશન માટે આંખના નિષ્ણાત ડૉ. નિશાબેન ચૌહાણ બપોરે ૧ થી ૨ અને ૪ થી ૬.

તથા દંત ચિકિત્સા ડૉ. વંદનાબેન દેવમુરારી (B.D.S.) સવારે ૧૦ થી ૧, બપોરે ૫ થી ૭

પેટના અને આંતરડાના રોગો, હરસ-મસા-ભગંદર માટેની સંપૂર્ણ આયુર્વેદિક દવાઓથી સારવાર અને ક્ષારસૂત્ર પધ્ધતિથી આધુનિક ઉપકરણો દ્વારા જડમૂળથી ઈલાજ ડૉ. રવિ હુંબલ સવારે ૧૦ થી ૧, કાન-નાક-ગળાના રોગો માટે સવારે ૧ થી ૨, બપોરે ૫ થી ૭માં સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન ડૉ. જયસિંહભાઈ ચૌહાણ એમ.એસ.ઓર્થો. દ્વારા હાડકા અને સ્નાયુને લગતા દર્દી માટે, સવારે ૧૦ થી ૧૨ દરમ્યાન ફિઝીયોથેરાપીસ્ટ ડૉ. ચિન્મયી મજીઠિયા (એમ.પી.ટી.) દ્વારા ફિઝીયોથેરાપીની ઉપલબ્ધ સારવાર માટે વિનામૂલ્યે તપાસ નિદાન માર્ગદર્શન આપવામાં આવેલ તથા એકસ-રે, સોનોગ્રાફી, લેબોરેટરી, ઈસીજી રાહતદરે કરી આપેલ.

### સંસ્થામાં આવકારતા :

**૧. ડૉ. ચિન્મયી મજીઠીયા :**



માસ્ટર ઓફ ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. ચિન્મયી મજીઠીયા

સંસ્થામાં દરરોજ સવારે ૧૦ થી ૧૨ પોતાની સેવાઓ માટે જોડાયા તેમને સંસ્થાના માનદ મંત્રી શ્રી સૂર્યકાંતભાઈ ચાવડા તથા ખજાનચી શ્રી કિર્તીભાઈ ગાંધીએ આવકાર્યા હતા.

**૨. Dr. Kaivant S. Patel :**

MBBS, DTCD, DNB, Pulmonary Medicine માસ્ટર (ફેફસાના રોગોના નિષ્ણાત)ની સેવાઓ મંગળ, ગુરુ, શનિ સવારે ૯ થી ૧૦ માટે શરૂ કરવામાં આવી છે.



**એપ્રિલ `૨૪ દરમ્યાન, નીચે મુજબના દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| **EYE DEPARTMENT** | |
| OPD | 201 |
| Cataract Surgeries - Free | 11 |
| Cataract Surgeries - Paid | 2 |
| EYE Retina | 8 |
| **ENT DEPARTMENT** | |
| OPD | 354 |
| OPERATION - PAID | 2 |
| MINOR PROCEDURE | 84 |
| **DENTAL DEPARTMENT** | |
| OPD | 127 |
| PROCEDURE | 127 |
| **MATERNITY** | |
| OPD | 61 |
| DELIVERY | 0 |
| OPERATION | 1 |

| DEPARTMENT | No.Of Patients |
|---|---|
| CHEST PHYSICIAN | 4 |
| PHYSIOTHERAPY | 15 |
| GENERAL OPD | 137 |
| PSYCHIA TRIC | 13 |
| PSYCHIATRIC (M.D.) | 16 |
| ORTHOPEDIC DEPARTMENT | 32 |
| PEDIATRIC | 35 |
| SKIN DEPARTMENT | 123 |
| X-RAY DEPARTMENT | 21 |
| LABORATORY PATIENT | 117 |
| LABORATORYTEST | 271 |
| SONOGRAPHY | 40 |
| CAMP | 3 |
| PATIENT | 67 |
| SHAMJI MAVJI RELIEF | 3 |



**સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા**

# ‘અંકુર’ મંદબુદ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



**‘‘અંકુરનો કૃષ્ણ તમને બોલાવે’’ શાળાનો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ :**



મેઘાણી ઓડિટોરિયમ ખાતે, શ્રી મોનલ ગજ્જર (ગુજરાતી, હિન્દી, તમીલ ફિલ્મ અભિનેત્રી) ની વિશેષ ઉપસ્થિતિ, તેમજ શ્રી જયંતભાઈ વનાણી (શ્રી બુધાભાઈ પટેલ), શ્રી કિશોરભાઈ ભાયાણી (મે. ભાયાણી નગીનદાસ હિરાલાલ), શ્રી પીયુષભાઈ તંબોલી અને શ્રી વિશાખાબેન તંબોલી (I&PCL), શ્રી તરૂણભાઈ વોરા (હાઈ-ટેક ઈન્વેસ્ટમેન્ટ કાસ્ટિંગ લિમીટેડ), ડૉ. રાની ચૌધરી (અલંગ ઓટો), શ્રી મહમદ રઝાભાઈ મરચન્ટ (મરીન એન્ટરપ્રાઈઝ), શ્રી નિમેષભાઈ દેસાઈ (જીતુભાઈ ફટાકડાવાળા), શ્રીમતી સંતોષીજી (પ્રેસિડેન્ટ, WR WWO) ના અતિથિ વિશેષ પદે

**‘‘અંકુરનો કૃષ્ણ તમને બોલાવે’’**

થીમ ઉપર એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયેલ. જેમાં શાળાના મનોદિવ્યાંગ બાળકોએ કૃષ્ણ ભક્તિના વિવિધ ગીતો ઉપર સુંદર કૃતિઓ રજૂ કરેલ, તેમજ રમત-ગમતમાં મેડલ મેળવેલ બાળકો

તથા ટિસર્ચ ટ્રેઈનિંગ કોલેજના પ્રથમ, દ્વિતિય તથા તૃતિય નંબર મેળવેલ તાલીમાર્થીઓનું સન્માન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભાવનગર શહેરના ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠીઓ, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તેમજ વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંકલન જાણિતા મોટિવેશનલ સ્પીકર શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી અલ્પેશભાઈ કે. શેઠ (માનદ મંત્રી) એ કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન જાણિતા ગાયક શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ.

**વાર્ષિક વાલી મિટીંગ યોજાયેલ :**



શાળા ખાતે તા. ૧-૫ ના રોજ **વાર્ષિક વાલી મિટીંગ**નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાના બાળક ચિ. જીત ચાવડાની સુંદર પ્રાર્થના દ્વારા કરવામાં આવેલ. શાળાના માનદ મંત્રી શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે બાળકોના વિકાસ અંગે શૈક્ષણિક દ્રષ્ટિકોણ તથા વાલીઓની ભૂમિકા અંગે વિસ્તૃત છણાવટ કરેલ. માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ અંગે સુંદર વાત કરેલ તથા સમગ્ર વર્ષ દરમ્યાન શાળામાં કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓ અંગે આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ માહિતી આપેલ. તેમજ આ સાથે રમત-ગમત ક્ષેત્રે તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સિધ્ધિ મેળવેલ બાળકોનું સન્માન કરવામાં આવેલ તેમજ રીક્ષા ચાલક ભાઈઓને પણ સન્માનિત કરવામાં આવેલ. વાલીઓના મંતવ્ય મેળવેલ. જેમાં અંદાજીત ૧૬૦ જેટલા વાલીઓ હાજર રહેલ. કાર્યક્રમનું સંચાલન શ્રી ક્રિષ્નાબેન રૂપેરા તથા આભારવિધિ શ્રી પારૂલબેન પાઠકે કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીએ કર્યું હતું.

## શ્રી ડી.કે. અજમેરા ફાઉન્ડેશન તથા શ્રીમતી ભાનુમતિ વાડીલાલ ચત્રભુજ ગાંધી "ભાનુવાડી" વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર

ઉપરોકત વિભાગમાં હાલ બાળકોને રાખડી, શોપિંગ બેગ, ટોડલિયા તથા તોરણ બનાવવા અંગેની પૂર્વ વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે.

## સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)



✍ ભાવિકા કામદાર

**ઈન્ટરનલ પરીક્ષા :**

તા. ૫-૫ થી ૧૦-૫ દરમ્યાન ટિચર્સ ટ્રેઈનિંગ કોલેજના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની **ઈન્ટરનલ થીયરીની પરીક્ષા** શિસ્તબધ્ધ વાતાવરણમાં લેવામાં આવી હતી. જેમનું સમગ્ર સંકલન કો-ઓર્ડિનેટર શ્રી ડૉ. ભાવિકાબેન કામદાર તથા શ્રી આરીફભાઈ જેઠવા દ્વારા કરવામાં આવેલ.

## પ્રેરણાદાયી દિવ્યાંગો
## પ્રજ્ઞાચક્ષુની ચમત્કારિક સફળતા અને સિધ્ધિ

પ્રજ્ઞાચક્ષુ વશિષ્ઠ (ઉત્તરાખંડ), ઉંમર ૪૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બોધ ગયાના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે આ મહિનાના અંતમાં જોડાયા રહ્યાં છે ત્યારે તેમની સફરની વિકલાંગ દુનિયાની વ્યકિતઓ આતુરતાથી જાણી રહ્યાં છે.

પોતાની સફર પર વિગતો જણાવતા પ્રક્ષાચક્ષુ વશિષ્ઠ કહે છે કે, ''પોતે એક કુટુંબમાં પ્રજ્ઞાચક્ષુ તરીકે જન્મેલ કે જે તેને પોતાની કોઈ કમી માટે કયારેય અનુભવવા દીધેલ નથી. તેમણે સામાન્ય શાળામાં અભ્યાસ લીધેલ અને ગણિત સાથે. B.Sc. ડિગ્રી મેળવ્યા બાદ IIT રૂરકી પ્રવેશ લેવા પ્રયત્ન કરેલ અને ઈન્ટરવ્યુ પણ આપેલ. પરંતુ તેઓના મતે તે સંસ્થાના અભ્યાસક્રમને પ્રજ્ઞાચક્ષુ હોય તે ન્યાય નહીં આપી શકે અને દાખલો નહીં મળેલ.''

(પાછળ)

પરંતુ પ્રજ્ઞાચક્ષુ વશિષ્ઠ સહેલાઈથી નાસીપાસ થવાના ન હતા. પ્રયત્નો ચાલુ રાખ્યા અને ૨૦૧૮ માં IIM અમદાવાદમાં ડોકટરલ પ્રોગ્રામમાં દાખલો મેળવ્યો અને તેઓ આ પ્રકારના Ph.D. પ્રોગ્રામમાં પહેલા વિકલાંગ બન્યાં.

ડો. વશિષ્ઠ, સત્ યુગના વશિષ્ઠ ઋષિ જેવા સિધ્ધહસ્ત બનીને, વિકલાંગ પણ હિમાલય ટોચ જેવા કાર્યક્રમમાં સફળતા મેળવી શકે છે. તેમ તેમણે એક પ્રેરક ઉદાહરણ વિકલાંગોને આપેલ છે. **(સૌ. : ટાઈમ્સ ઓફ ઈન્ડિયા)**

## દિવ્યાંગ મતદાતાઓ કેટલાં છે ?

અત્યારે દેશભરમાં ૮૮.૩૫ લાખ દિવ્યાંગ મતદાતાઓ છે, ગઈ લોકસભાની ચૂંટણીમાં ૪૫.૬૪ PwD મતદાતાઓ હતાં. ચૂંટણી પંચે કહ્યું કે, 'મતદાનના દિવસે પહોંચવાનો અને સમાવેશીકરણ સુનિશ્ચિત કરી, દિવ્યાંગ વ્યકિતઓના સમર્થન કરવાનું પ્રસંશનીય કાર્ય થયું છે.' **(સૌ. : ગુજરાત વૈભવ)**

# ૧ થી ૩૧ મે ૨૦૨૪ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

PNR HOPE 4 ALL

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Minal Vijay Shah - Mumbai | 1,51,000 |
| RCN Synthetics & Textiles Private Ltd. - Mumbai | 1,50,000 |
| Shri Samir Diamonds Exports Pvt.Ltd. - Mumbai | 1,00,000 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Jayesh Thakorbhai Desai - Mumbai | 2,51,000 |
| Shri Sitaram Jindal Foundation - Bangalore | 30,000 |
| Shri Abhinav Jain - Mumbai | 50,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| Well Eisher General Donation | 10,000 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Late Bhanuben Champaklal Shah - Bhavnagar | 10,000 |
| Shri Gopal Harshadrai Joshi - Bhavnagar | 2,500 |
| Shri Gopal Harshadrai Joshi - Bhavnagar | 5,000 |
| Shri Trambaklal Sundarji Kamdar Charitable Trust - Bhavnagar | 1,31,400 |
| Shri Jayesh B. Shah - Mumbai | 11,000 |
| Shri Rajvardhansinh Pratipalsinh Rana - Bhavnagar | 6,000 |
| Shri Meenaben Ghanshyambhai Upadhyay - Vadodara | 5,000 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Shri Renukaben Parikh - Bhavnagar | 8,500 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 50,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 50,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 50,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 50,000 |
| Shri Snehal Bhupesh Shah - Mumbai | 1,00,000 |
| Shri Santoshbhai G. Kamdar - Bhavnagar | 15,000 |
| Shri Nishithbhai P. Mehta - Bhavnagar | 4,000 |
| Shri Pritiben M. Mehta - Bhavnagar | 4,000 |
| Shri Purviben Mehta Prida - Bhavnagar | 3,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 10,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 10,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 10,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 20,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 21,000 |
| Shri Jyuthika Akshay Marfatia - Mumbai | 25,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

COMMITMENT TO EXCELLENCE

| | Rs. |
|---|---|
| Panila Chem Ltd. - Bhavnagar | 1,50,000 |
| Shri Ashvinkumar G. Pandya - Bhavnagar | 11,000 |
| Wastern Railway Womens Social Ser. Comm. Bhavng. Para - Bhavnagar | 11,000 |
| Shri Malay Kiritbhai Dhranghariya - Bhavnagar | 11,000 |
| Shri Arun Odhavji Mehta - Mumbai | 11,000 |
| Shri Dave Umeshkumar Narendra - Ahmedabad | 10,000 |
| Shri Sahejadbhai Ahemadhussainbhai Kureshi - Bhavnagar | 10,000 |
| Shri Kishorbhai Jewellers - Bhavnagar | 5,000 |
| Shri Madhu Ghanshyambhai Solanki - Bhavnagar | 5,000 |
| Shri Hemal B. Shethia - Bhavnagar | 2,501 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |

## PNR સોસાયટી તસ્વીર સમાચાર



સી.પી. સ્કૂલ ઈન્ડોર ગેમ સમર કેમ્પ...



સી.પી. સ્કૂલ મ્યુઝિક એક્ટિવિટી...



સી.પી. સ્કૂલ પેરેન્ટ્સ ટ્રેનિંગ...



દિશા કમ વિકાસ પ્રોજેક્ટ સમર કેમ્પ...




રન ફોર વોટ કાર્યક્રમ...




VCL માં નિઃશૂલ્ક નિદાન કેમ્પ...

‘અંકુર’ શાળાના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો...



Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 June - 24 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com